સુવિચાર

સારા વિચારો, સારા શબ્દો અને સારા કાર્યો જ સફળ જીવનની ચાવી છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર કાળીપાટ ચોકડી પાસે કારમાં રૂ.૩.૭૫ લાખના વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો P-4

Year-16, Issue-236 ■ DATE : 19-01-2026 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## પ્રજાસત્તાક પૂર્વે કાશ્મીરમાં આતંકીઓ સાથેની અથડામણમાં આઠ જવાનો ઘાયલ



**મુખ્ય સમાચાર, શ્રીનગર**

પ્રજાસત્તાક પર્વ પૂર્વે આતંકવાદીઓ સામેના ઓપરેશન દરમ્યાન કાશ્મીરમાં ભયાનક અથડામણમાં આઠ સુરક્ષા જવાનો ઘાયલ થયા હતા. કાશ્મીરના કિશ્તવાડના સોનાર ક્ષેત્રમાં સર્ચ ઓપરેશન દરમ્યાન છુપાયેલા ત્રાસવાદીઓએ એકાએક ગોળીબાર કરતાં સુરક્ષા જવાનો સાથે ભીષણ અથડામણ શરૂ થઇ હતી.

આજે બીજા દિવસે પણ અથડામણ ચાલુ રહી છે. સૈન્ય ટીમો દ્વારા સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે. અથડામણમાં સૈન્યના આઠ જવાનો ઘાયલ થયા હતા. તેઓને એરલીફ્ટ કરીને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે.

સૈન્ય અધિકારીએ કહ્યું કે, ગણતંત્ર દિવસ પૂર્વે સેનાએ ‘ત્રીશા-૧’ શરૂ કર્યું હતું. આ દરમ્યાન સોનાર ક્ષેત્રમાં સર્ચ અભિયાન ચાલું હતું તે વખતે જંગલમાં છુપાયેલા ત્રાસવાદીઓએ ગોળીબાર શરુ કરી દીધો હતો.

ભારતીય સુરક્ષા જવાનોએ પણ વળતો પ્રહાર કર્યો હતો. સામસામી અથડામણમાં આઠ જવાનો ઘાયલ થયા હતા. આ તકે વધારાની સુરક્ષા ટીમો બોલાવીને ઘેરાબંધી કરવામાં આવી હતી. સુક્ષા જવાનોથી ઘેરાઇ જતાં ત્રાસવાદીઓએ છટકવા માટે હાથગોળા ફેંક્યા હતા અને તેના વિસ્ફોટમાં આઠ જવાનો ઘાયલ થયા હતા.

# ચાંદી ૩ લાખની ઐતિહાસીક સપાટીએ

### સોનુ પણ નવી ટોચ પરઃ ચાંદીમાં ૧૨ હજાર અને સોનામાં ૨૧૦૦નો અધધ ઉછાળોઃ શેરબજારમાં કડાકો

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

વૈશ્વિક બુલિયન બજારમાં આજે ફરી એક ઉછાળો જોવા મળી રહ્યો છે. સોના અને ચાંદીના ભાવ અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા છે. આ અચાનક ઉછાળો મુખ્યત્વે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના ટેરિફ ધમકીને કારણે છે, જેના કારણે વૈશ્વિક અર્થતંત્રમાં અનિતિતા વધી છે.

MCX ચાંદીના માર્ચ વાયદામાં રૂા.૧૩,૫૫૦ અથવા લગભગ ૫%નો વધારો થયો છે, જે પ્રતિ કિલોગ્રામ રૂા.૩,૦૧,૩૧૫ ની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યો છે. ગ્રીનલેન્ડ પર યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ ધમકીએ ભૂરાજકીય જોખમમાં વધારો કર્યો છે, જેના કારણે રોકાણકારો સુરક્ષિત સંપત્તિ તરફ દોરી ગયા છે. આનાથી સોના અને ચાંદીના ભાવ પર પણ અસર પડી રહી છે. MCX સોનાના ફેબ્રુઆરી વાયદામાં લગભગ ૩,૦૦૦ અથવા ૨% થી વધુનો વધારો થયો છે, જે પ્રતિ ૧૦ ગ્રામ રૂા.૧,૪૫,૫૦૦ ની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યો છે.

વેપાર યુદ્ધની આશંકાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં સોના અને ચાંદીના ભાવ પણ રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચી ગયા છે. બ્લૂમબર્ગના મતે, સિંગાપોરમાં સવારે ૮૧૧ વાગ્યા સુધીમાં સ્પોટ ગોલ્ડ ૧.૬% વધીને ડોલર ૪,૬૬૮.૭૬ પ્રતિ ઔંસ થયો છે, જે અગાઉ ડોલર ડોલર ૪,૬૯૦.૫૯ ની ટોચે પહોંચ્યો હતો. ચાંદી ૩.૨ ટકા વધીને ડોલર ૯૩.૦૨૧૧ થઈ ગઈ છે અને ડોલર ૯૪.૧૨૧૩ ની ટોચે પહોંચી ગઈ છે.

ગયા વર્ષે, ચાંદીએ સોના કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું, લંડનમાં ટૂંકા ગાળાના દબાણ અને સતત પુરવઠાની અછતને કારણે ઓક્ટોબરમાં લગભગ ૧૫૦% વધારો થયો. વેપારીઓ યુએસ સેક્શન ૨૩૨ તપાસના પરિણામની રાહ જોઈ રહ્યા છે, જેના કારણે ચાંદી પર ટેરિફ લાદી શકાય છે. સંભવિત કર અંગેની ચિંતાઓએ યુએસ વેરહાઉસમાં ધાતુને રોકી રાખી છે, જેના કારણે વૈશ્વિક સ્ટોકમાં ઘટાડો થયો છે.

ભૌગોલિક રાજકીય તણાવ ઉપરાંત, ઔદ્યોગિક માંગ અને ઓછો પુરવઠો પણ ચાંદીના ભાવમાં વધારો કરી રહ્યો છે. ચાંદીનો ઉપયોગ ફક્ત સિક્કા, ઘરેણાં અથવા વાસણોમાં જ થતો નથી; તેના અસંખ્ય ઔદ્યોગિક ઉપયોગો છે. સોના પછી, ચાંદી થર્મલ ઉર્જા અને વીજળી બંને માટે શ્રેષ્ઠ વાહક છે. તેની કિંમતને કારણે, આ બે ધાતુઓ સામાન્ય ઉપયોગમાં નથી.

તેમ છતાં, ચાંદીનો ઉપયોગ ઇલેક્ટ્રોનિક્સ, સૌર ઉર્જા અને ઓટોમોટિવ ઉદ્યોગમાં વ્યાપકપણે થાય છે. બીજો ફાયદો એ છે કે તે એન્ટીબેક્ટેરિયલ અને બિન-ઝેરી છે. આને કારણે, તેમાં ઔષધીય ગુણધર્મો છે અને તેનો ઉપયોગ ચાંદીના વરખની જેમ ખોરાકમાં પણ થાય છે.

તેના ઉપયોગો વ્યાપક છે. ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગમાં, તેનો ઉપયોગ સ્માર્ટફોન, ટેબ્લેટ, લેપટોપ, કમ્પ્યુટર અને ટેલિવિઝનમાં સર્કિટ બોર્ડ, કનેક્ટર્સ અને સેમિકન્ડક્ટર બનાવવા માટે થાય છે. સૌર પેનલ માટે ફોટોવોલ્ટેઇક કોષોમાં ચાંદી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દવા ઉપરાંત, તેનો ઉપયોગ તબીબી ઉપકરણો અને બેટરીમાં થાય છે.

ઓટોમોટિવ ઉદ્યોગમાં, તેનો ઉપયોગ ઇલેક્ટ્રોનિક ઘટકો અને સેન્સર બનાવવા માટે થાય છે. વધુમાં, પેટ્રોકેમિકલ ઉદ્યોગમાં રાસાયણિક પ્રતિક્રિયાઓને વેગ આપવા માટે ચાંદીનો ઉપયોગ ઉત્પ્રેરક તરીકે થાય છે.

સ્પષ્ટપણે, ચાંદીના ઉત્પાદન અથવા વપરાશના અડધાથી વધુ ભાગ ઔદ્યોગિક ઉત્પાદનમાં જાય છે, અને સોનાથી વિપરીત, તે ફક્ત પાછળ રહી જતું નથી; તેનો ઉપયોગ વિશાળ માત્રામાં થાય છે. ઇલેક્ટ્રોનિક્સ, ખ્ત અને સૌર ઉર્જા જેવા ઉદ્યોગોની વધતી જતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, નિષ્ણાતો આગાહી કરે છે કે ચાંદીની ઔદ્યોગિક માંગ ફક્ત વધુ વધવાની છે.




## વર્લ્ડ ઇકોનોમિક ફોરમના અધ્યક્ષે ભારતનાં વિકાસને ફૂલડે વધાવ્યું

**મુખ્ય સમાચાર, દાઓસ**

વૈશ્વિક અર્થતંત્ર હાલમાં ભૂરાજકીય તણાવ અને ટ્રમ્પના ટેરિફનો સામનો કરી રહ્યું છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમની ૫૬મી વાર્ષિક બેઠક આશાના કિરણ તરીકે ઉભરી આવી છે. ૧૯ થી ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન દાવોસમાં યોજાનારી આ બેઠક સંવાદની ભાવના થીમ હેઠળ વિભાજિત વિશ્વમાં સંવાદની જરૂરિયાત પર ભાર મૂકે છે. એક ન્યૂઝ ચેનલ સાથેની મુલાકાતમાં, WEF પ્રમુખ અને CEO બોર્જ બ્રેન્ડેએ ભારતને વૈશ્વિક વિકાસનું સૌથી મોટું એન્જિન ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ૨૦૨૬ સુધીમાં ભારત એટલી ઝડપથી



વિકાસ કરશે કે તે વૈશ્વિક વિકાસમાં ૨૦ ટકા યોગદાન આપશે.

વર્લ્ડ ઇકોનોમિક ફોરમના પ્રમુખ બોર્જ બ્રેન્ડેએ દાવોસમાં જણાવ્યું હતું કે ભારત આ વર્ષે સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બનશે અને વૈશ્વિક વિકાસમાં ૨૦ ટકા યોગદાન આપશે.બ્રેન્ડેએ કહ્યું કે જો યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ વૃદ્ધિ સાથે વેપાર કરાર પર હસ્તા-ક્ષર કરી શકે, તો તે વધુ સારું રહેશે.

WEF ના વડાએ કહ્યું, મને હજુ પણ લાગે છે કે આ વર્ષે તે (ભારત) સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર હશે. અને હવે આપણી પાસે એવા આંકડા છે જે દર્શાવે છે કે ભારત વૈશ્વિક વિકાસમાં ૨૦ ટકા હિસ્સો ધરાવી શકે છે. તો પછી ભારત ફક્ત પોતાના માટે જ વિકાસ કરી રહ્યું નથી, પરંતુ તે વૃદ્ધિ આપણા ગ્રહ પરના દરેક માટે પણ યોગદાન આપી રહી છે કારણ કે તે વૃદ્ધિ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

## ગાઝા શાંતિ બોર્ડમાં સામેલ થવા ભારતને ટ્રમ્પનું આમંત્રણ

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

લાંબા અને ૬૦૦૦૦થી વધુ પેલેસ્ટાઈન નાગરિકોનો ભોગ લેનાર યુદ્ધ કરતા પણ વધુ ખરાબ માનવીય કરૂણાની સ્થિતિ સર્જનાર ગાઝામાં આડકતરી રીતે ટ્રમ્પ શાસન લાદવા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રચેલા ગાઝા શાંતિ બોર્ડમાં સામેલ થવા ભારત અને પાકિસ્તાન બન્નેને આમંત્રણ મોકલાયુ છે.

જો કે આ ટ્રમ્પના ગાઝા પીસ બોર્ડમાં સામેલ થનાર દેશએ ગાઝામાં પુનઃ નિર્માણ સહિતના કામ માટે ૧ બીલીયન ડોલર આપવાના રહે છે. ગાઝામાં યુદ્ધ વિરામ માટે અમેરિકાએ જે સમજુતી કરાવી



તેના ભાગ મુદે આ ગાઝા પીસ બોર્ડની રચના કરવામાં આવી છે.

જો કે ઈઝરાયેલ તેનાથી ખુશ નથી તેવા સંકેત છે. સમાચાર સંસ્થા રોઈટરના જણાવ્યા મુજબ બોર્ડની અધ્યક્ષા ખુદ પ્રમુખ ટ્રમ્પ ક્રશે અને તેઓ ગાઝાના પુનઃનિર્માણની કાર્યવાહી કામગીરીનું સંચાલન કરશે. આ બોર્ડની મુદત ત્રણ વર્ષની હાલ નિશ્ચિત થઈ છે. આ બોર્ડમાં બ્રિટનના પુર્વ વડાપ્રધાન ટોની બ્લેર અને વિશ્વ બેન્કના અધ્યક્ષ અજય બગ્ગાનો સમાવેશ થયો છે.

ટ્રમ્પના નિમણુંકનો સ્વીકાર કરનાર દેશના રાષ્ટ્રવડા તેના સભ્ય હશે. જે મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ મોકલાયુ છે અને જો ૧ બીલીયન ડોલર ભારત આપે તો માન્ય રહેશે. આમ બીલ બોર્ડ માટે જંગી ભંડોળ ઉભુ કરવા પણ તૈયારી કરી છે. આ બોર્ડમાં ટ્રમ્પના જમાઈ પણ સામેલ છે.

### Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૩૫/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૦૪/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| | સોનુ | ચાંદી |
|---|---|---|
| Today Rate | ₹૧,૪૫,૭૪૦ | ₹૩,૦૫,૦૦૦ |
| | +૧૯૧૦ | +૧૦,૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૬૮ | ₹૧૨૧.૪૦ |

## અમદાવાદમાં નારણપુરાની નેશનલ સ્કૂલ બહાર ધો.૧૦ના વિદ્યાર્થી પર છરીથી હુમલો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરતી એક ચોંકાવનારી ઘટના નારણપુરા વિસ્તારમાં બની છે. સોલા રોડ પરના ભૂયંગદેવ ચાર રસ્તા પાસે આવેલી નેશનલ સ્કૂલની બહાર આજે સવારે ધોરણ ૧૦માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી પર છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ભરબજારમાં થયેલા આ હુમલાને પગલે સ્થાનિકો અને વિદ્યાર્થીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.



જૂની અદાવત બની હુમલાનું કારણ પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ હુમલા પાછળ ચાર મહિના જૂની અદાવત જવાબદાર છે. શાળામાં જ ભણતા બે વિદ્યાર્થીઓ વચ્ચે અગાઉ કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ જૂની તકરારની અદાવત રાખીને આજે સવારે જ્યારે વિદ્યાર્થી શાળાએ પહોંચ્યો, ત્યારે હુમલાખોર વિદ્યાર્થીએ અન્ય સાથીદારો સાથે મળીને તેના પર હુમલો કર્યો હતો. સામાન્ય બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા હુમલાખોરે છરી કાઢી વિદ્યાર્થી પર ઘા ઝીંકી દીધા હતા.

અમદાવાદ સિટીના રોહિત ચૌધરીએ જણાવ્યું કે, ’નેશનલ સ્કૂલમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીની પરીક્ષા પૂરી થઈ અને બહાર નીકળ્યા પછી અન્ય યુવકો દ્વારા તેના પર હુમલો કરવામાં આવ્યો છે તેવું નેશનલ સ્કૂલના સંચાલકે ટેલિફોનિક પૂછ્તાછ કરતા માહિતી મળી છે. પ્રાથમિક માહિતીમાં સંચાલક દ્વારા જે રીતે જણાવવામાં આવેલું છે તે પ્રમાણે વિદ્યાર્થી જે છે શાળાનો જે ઈજાગ્રસ્ત છે તેને નજીકની હોસ્પિટલમાં એને સારવાર આપી અને એને રજા પણ આપવામાં આવી છે.’

પોલીસની કાર્યવાહી ઘટનાની જાણ થતા જ ઘાટલોડિયા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ધોરણ ૧૦ના સગીર વયના વિદ્યાર્થીઓ વચ્ચે થયેલા આ ખૂનીખેલથી પોલીસ પણ સ્તબ્ધ છે.

ભોગ બનનારના પરિવાર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. તો પોલીસે સીસીટીવી ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના આધારે હુમલાખોર વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે. શાળાની બહાર ધોળા દિવસે બનેલી આ ઘટનાએ વાલીઓની ચિંતામાં પણ વધારો કર્યો છે.

## મુંબઈના મેયર પદ માટે મહાસંગ્રામ

**મુખ્ય સમાચાર, મુંબઇ**

બૃહદ મુંબઈ મહા નગરપાલિકાના પરિણામો બાદ હવે મુંબઈના મેયર પદને લઈને મહાર-ાષ્ટ્રના રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે. કોઈ પણ પક્ષ પાસે સ્પષ્ટ બહુમતી નહીં હોવાથી હવે ગઠબંધન અને ’રિસોર્ટ પોલિટિક્સ’ શરૂ થઈ ગયું છે. આમ તો બૃહદ મુંબઈ મહા નગરપાલિકાની ચૂંટણીના પરિણામોમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભર્યો છે, પરંતુ પોતાના દમ પર મેયર બનાવવા માટે જરૂરી જાદુઈ આંકડો (૧૧૪) કોઈની પાસે નથી. આ જ કારણસર મેયર પદ કબજે કરવા માટે ભાજપે એકનાથ શિંદેની શિવસેનાના ટેકાની જરૂર છે.

આ સ્થિતિમાં એકનાથ શિંદેએ તેમના જીતી ગયેલા તમામ ૨૯ કોર્પોરેટરોને મુંબઈની એક હોટલમાં મોકલી દીધા છે. સત્તાવાર રીતે તેને ’ઓરિએન્ટેશન વર્કશોપ’ (કામગીરી સમજવાની શિબિર) કહેવાય છે,



પરંતુ રાજકીય વર્તુળોમાં તે કોર્પોરેટરોને તૂટતા બચાવવાનો પ્રયાસ છે. આમ મુંબઈના મેયર પદની વાત છે, ત્યાં સુધી એકનાથ શિંદે ’કિંગમેકર’ની ભૂમિકામાં છે.

બૃહદ મુંબઈ મહા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ ૮૯ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. તો એકનાથ શિંદેની શિવસેનાએ ૨૯ બેઠકો જીતી છે, જે ભાજપ માટે બહુમતી સાબિત કરવા માટે અત્યંત મહત્ત્વની છે. જો કે, BMCની કુલ ૨૨૭ બેઠકો છે, એટલે મુંબઈનું મેયર પદ મેળવવા માટે ૧૧૪ બેઠકોની જરૂર હોય છે, જ્યારે મહાયુતિ ગઠબંધન પાસે હાલ ૧૧૮ બેઠકો છે.

## RSSના વડા ડો.મોહન ભાગવત બે દિવસ રાજકોટમાં



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘ ચાલક ડો.મોહનજી ભાગવત ગઈકાલે નિર્ધાહિત કાર્યક્રમ અનુસાર રાજકોટ ગઈરાતે અમુલ સર્કલ પાસે આવેલ સરકાર ભારતી ભવન ખાતે આવી પહોચ્યા છે. રાજકોટમાં ડો. મોહનજી ભાગવતના આજથી બે દિવસના ભરચક કાર્યક્રમો છે. આ પ્રવાસ દરમ્યાન કોઈ જાહેર કાર્યક્રમનું આયોજન નથી.

મળતી માહિતી અનુસાર આજે સવારે પ્રબોધગોષ્ઠિનો કાર્યક્રમ તથા સાંજે પ્રતિભાશાળી યુવાનો સાથેના કાર્યક્રમનું આયોજન કરાયું છે. આવતીકાલે કલાકારો સાથે સવારના ભાગે ગોષ્ઠિ કરશે તથા સાંજે વ્યકિતગત રીતે મહાનુભાવોને મળશે.ભાગવત કથાકાર પૂ.રમેશભાઈ ઓઝા સાથે મૂલાકાત થનાર છે. આજે સવારે કાર્યકર્તાઓ તથા આર.એસ.એસના અગ્રણીઓ સાથે પણ બેઠક યોજનાર છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ શતાબ્દી વર્ષની અખિલ ભારતીય પ્રવાસ યોજના અંતર્ગત પ. પૂ. સરસંઘચાલક ડો. મોહનજી ભાગવતનું આજે સૌરાષ્ટ્ર પ્રાંતની મુલાકાત અર્થે રાજકોટ સેવાભારતી ભવન ખાતે આગમન થયું છે.

## રાજકોટ મહાનગરપાલિકામાં ACBનો સપાટોઃ લાંચ લેતા સેનેટરી સબ ઇન્સ્પેક્ટર રંગેહાથ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારના મૂળિયા કેટલા ઊંડા છે તે આજે ફરી એકવાર સાબિત થયું છે. એન્ટી કરપ્શન બ્યુરોએ છટકું ગોઠવીને વોર્ડ નંબર ૧૭ (બી) ની વોર્ડ ઓફિસમાં ફરજ બજાવતા સેનેટરી સબ ઇન્સ્પેક્ટર જીતેન્દ્ર ગડીયલને લાંચ લેતા ઝડપી પાડ્યા છે. રજાઓ સરભર કરવા જેવી નજીવી બાબતમાં પણ સરકારી કર્મચારીએ પોતાના જ સાથી પાસે નાણાંની માંગણી કરતા મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત વિવિધ સરકારી કચેરીઓમાં સન્નાટો વ્યાપી ગયો છે.

આ કેસની વિગત એવી છે કે, ફરિયાદીની રજાઓ રજિસ્ટરમાં સરભર કરી આપવાના બદલામાં સેનેટરી સબ ઇન્સ્પેક્ટર જીતેન્દ્ર ગડીયલે ૨ હજાર રૂપિયાની લાંચ માંગી હતી. જોકે, રકઝક બાદ એક હજાર રૂપિયા અત્યારે અને બાકીના એક હજાર રૂપિયા ત્રણ દિવસ પછી આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી આ લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ સમગ્ર હેતુલક્ષી વાતચીતનું રેકોર્ડિંગ કરી લીધું હતું અને પુરાવા સાથે ACBમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે ACBના એસપી બળદેવસિંહ વાઘેલાના માર્ગદર્શનમાં અને મદદનીશ નિયામક જે. ડી. મેવાડાના સુપરવિઝન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર આર. આર. સોલંકી અને તેમની ટીમે છટકું ગોઠવ્યું હતું. અટીકા ફાટક પાસે આવેલી વોર્ડ ઓફિસ નજીક જ્યારે જીતેન્દ્ર ગડીયલ ફરિયાદી પાસેથી લાંચના એક હજાર રૂપિયા સ્વીકારી રહ્યો હતો, ત્યારે જ એસીબીની ટીમે ત્રાટકીને તેને રંગેહાથ દબોચી લીધો હતો.

## દક્ષિણ ચિલીના જંગલમાં ભયાનક આગઃ ૧૮ના મોત, હજારો લોકો બેઘર

રવિવારે દક્ષિણ ચિલીમાં લાગેલી વિનાશક જંગલની આગમાં ઓછામાં ઓછા ૧૮ લોકો માર્યા ગયા, કારણ કે આગ સતત ફેલાઈ રહી છે. રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિકે મુબાલ અને બાયોબિઓ પ્રદેશોમાં આપત્તિની સ્થિતિ જાહેર કરી છે. ભારે પવન અને તીવ્ર ગરમીને કારણે અગ્નિશામક દળો માટે આગ પર કાબુ મેળવવો અત્યંત મુશ્કેલ બન્યો છે. હજારો લોકોને તેમના ઘર છોડીને ભાગવાની ફરજ પડી છે, અને મૃત્યુઆંક વધવાની ધારણા છે. લોકો પોતાના ઘરો, ખેતરો અને જંગલો સળગતા જોઈ રહ્યા છે, જ્યારે રાહત પ્રયાસો પૂરજોશમાં ચાલી રહ્યા છે. રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિકે સોશિયલ મીડિયા પર કહ્યું, ‘‘જંગલમાં લાગેલી ગંભીર આગને ધ્યાનમાં રાખીને, મેં નુબલ અને બાયોબિઓ પ્રદેશોમાં આપત્તિની સ્થિતિ જાહેર કરી છે.

# ધ્રોલમા જ્વેલર્સ દુકાનમા લાખોની થયેલ ચોરીનો ભેદ ઉકેલતી એલસીબીઃ ચોરીના મુદ્દામાલ ત્રણ આરોપી ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલ નગરપાલિકા સામે આવેલી 'તુલજાભવાની જ્વેલર્સ' નામની દુકાનમાં ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ની રાત્રે થયેલી મોટી ચોરીનો ભેદ ઉકેલવામાં જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી દાહોદ જિલ્લાના વતની એવા ૩ ખેતમજૂરોને ઝડપી પાડી કુલ ૨૭.૯૬ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે.ધ્રોલ નગરપાલિકા કચેરી સામે પ્રકાશ હેમતલાલ સોનીની માલિકીની તુલજાભવાની જ્વેલર્સ આવેલી છે. ગત ૧૪ જાન્યુઆરીની રાત્રે તસ્કરોએ દુકાનની પાછળની દીવાલમાં લોખંડના સળિયા વડે બાકોરું પાડી અંદર પ્રવેશ કર્યો હતો. ચોરી કરતી વખતે પકડાઈ ન જવાય તે માટે આરોપીઓએ સીસીટીવી કેમેરા પર કપડાં ઢાંકી દીધા હતા અને ૨૬.૯૬ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.આ ગુનાને ઉકેલવા પોલીસ અધિક્ષક ડૉ.રવિ મોહન સૈનીની સૂચનાથી એલસીબી. પીઈ.વી.એમ. લગારીયા અને તેમની ટીમે તપાસ તેજ કરી હતી. તપાસ દરમિયાન દિલીપ તલાવડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા અને કાસમ બ્લોચ સહિતના સ્ટાફને બાતમી મળી હતી કે ચોરીમાં સંડોવાયેલા શખ્સો ચોરીનો મુદ્દામાલ લઈ મોટરસાયકલ પર જોડિયાથી ધ્રોલ તરફ આવી રહ્યા છે.આ બાતમીના આધારે પોલીસે ધ્રોલના ચામુંડા પ્લોટ પાસે વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ હાલતમાં પસાર થતા ૩ શખ્સોને આંતર્યા હતા. તેમની તલાશી લેતા સોના-ચાંદીનો જથ્થો મળી આવ્યો હતો.પકડાયેલા આરોપીઓ.હિંમત પાંગળા મહેડા ઉંમર.૨૫,રહે.કેશિયા,તા.જોડિયા.શૈલેષ નવલસિંગ મહેડા.ઉંમર ૨૩, રહે. લખતર,તા.જોડિયા.ટીનુ પાંગળા મહેડા ઉંમર ૨૫, રહે. રંગપુર, તા. પડધરી.નોંધ.ત્રણેય આરોપીઓ મૂળ મોટીમલુ, તા. ધાનપુર, જિ. દાહોદના વતની છે.સોનાના દાગીના વીંટી, ચેઈન, પેન્ડલ વગેરે ૧૭૫ ગ્રામ ૧૭,૫૦,૦૦૦, ચાંદીના દાગીના સાંકળા, કંદોરા, મૂર્તિ વગેરે ૧૧ કિલોગ્રામ ૯,૪૬,૦૦૦, મોબાઈલ ફોન ૪ નંગ ૨૦,૦૦૦, મોટરસાઈકલ ૨ નંગ ૮૦,૦૦૦, સાધન લોખંડનો સળિયો, ૧ નંગ ૧૦૦ કુલ મુદ્દામાલ - ૨૭,૯૬,૧૦૦.આરોપીઓ ખેતમજૂરીના બહાને આ વિસ્તારમાં રહીને રેકી કરતા હતા અને ત્યારબાદ ચોરીને અંજામ આપ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. હાલ પીએસસી.એમ.વી. ભાટીયાએ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં મોરબીની ટેકનોપેક પોલીમર્સ લિમિટેડને બેસ્ટ રીજનલ એવોર્ડ, ડિરેક્ટરે વ્યક્ત કર્યો આભાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મારવાડી યુનિવર્સિટી રાજકોટ ખાતે યોજાયેલા વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ કચ્છ સૌરાષ્ટ્ર સમિટ એવોર્ડ સમારંભમાં મોરબીની ટેકનોપેક પોલીમર્સ લિમિટેડને ગુજરાત સરકાર દ્વારા ''બેસ્ટ રીજનલ સૌરાષ્ટ્ર-કચ્છ એવોર્ડ ૨૦૨૪-૨૫''થી સન્માનિત કરવામાં આવી છે. ત્યારે આ ગૌરવ આપવા બદલ પોલીમર્સના ડિરેક્ટર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવા, નવા રોકાણને આકર્ષવા તથા સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે પહોંચાડવાના હેતુથી વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત સમિટનો પ્રારંભ કરવામાં આવ્યો



હતો. આ જ ક્રમમાં તાજેતરમાં રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાં વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ- કચ્છ સૌરાષ્ટ્ર સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ ઉદ્યોગોએ ભાગ લીધો હતો. આ સમિટ અંતર્ગત તા. ૧૨ ડિસેમ્બરના રોજ યોજાયેલા એવોર્ડ સ્વીકાર સમારંભમાં મોરબીની ટેકનોપેક પોલીમર્સ લિમિટેડને ગુજરાત સરકાર દ્વારા ''બેસ્ટ રીજનલ સૌરાષ્ટ્ર-કચ્છ એવોર્ડ ૨૦૨૪-૨૫'' માટે પસંદ કરી સન્માનિત કરવામાં આવી હતી. આ એવોર્ડથી મોરબીના ઉદ્યોગ જગતમાં ગૌરવની લાગણી વ્યાપી છે. એવોર્ડ પ્રાપ્ત થયા બાદ ટેકનોપેક પોલીમર્સ લિમિટેડના ડિરેક્ટર કલ્પેશભાઈ પંડ્યાએ ગુજરાત સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો તથા આ સન્માન કંપનીના સમગ્ર ટીમના પરિશ્રમ અને સમર્પણનું પરિણામ હોવાનું જણાવ્યું હતું.

# મોરબી મહેન્દ્રનગર ચોકડી નજીક મેફેડ્રોન ડ્રગ્સ સાથે જામનગરના બે ઈસમોની ધરપકડ, અન્ય બે ફરાર

ક્રાઈમ બ્રાંચે આર્ટિગા કાર સહિત રૂ. ૬.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચારેય આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસે મહેન્દ્રનગર ચોકડી નજીક આર્ટિગા કારમાં મેફેડ્રોન ડ્રગ્સ લઈ જતા જામનગરના બે ઈસમોને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી ૫૦ ગ્રામ ૧૩ મિલીગ્રામ મેફેડ્રોન પાવડર સહિત કાર અને મોબાઈલ મળી કુલ રૂ. ૬,૫૫,૮૯૦/-નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. આ કેસમાં બે અન્ય આરોપીઓના નામ ખુલતા તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જીલ્લામાં નાર્કોટીક્સ અને માદક પદાર્થોની હેરાફેરી પર અંકુશ લાવવા કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવતા મોરબી એલસીબી, પેરોલ-ફર્લો સ્ક્વોડની ટીમ કાર્યરત હોય, તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળી હતી કે જામનગરના બે ઈસમો સફેદ રંગની આર્ટિગા કાર નં. જીજે-૦૩-એનપી-૪૭૯૨માં ગેરકાયદેસર મેફેડ્રોન ડ્રગ્સ લઈ હળવદ તરફથી મોરબી થઈ જામનગર તરફ જઈ રહ્યા છે. મળેલ માહિતીના આધારે મોરબી મહેન્દ્રનગર ચોકડીથી માળીયા ફાટક તરફ જતા રોડ ઉપર સમર્પણ હોસ્પિટલ નજીક વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન અર્ટિગા કાર પસાર થતાં તેને રોકી તલાશી લેતા તેમાં માદક પદાર્થ મેફેડ્રોન પાવડર વજન ૫૦ ગ્રામ ૧૩ મિલીગ્રામ કિ.રૂ.૧,૫૦,૩૯૦/- મળી આવતા પોલીસે તુરંત કારમાં સવાર બંને આરોપીઓ તૌસીફમીંયા હુશેનમીંયા બુખારી ઉવ.૩૫ રહે. નવાગામઘેડ જામનગર અને ઈકબાલભાઈ મુસાભાઈ ચાવડા ઉવ.૪૫ રહે. બેડેશ્વર રોડ જામનગર વાળાની ધરપકડ કરી હતી. પકડાયેલ આરોપીની પૂછપરછ દરમ્યાન બંનેએ અન્ય બે આરોપી શરીફ રહે. જરુશા જી.પાટણ અને સાંચોર નજીકથી ડ્રગ્સ પહોંચાડનાર સફેદ સ્કોર્પિયો કારના ચાલક એમ બે આરોપીઓના નામની કબૂલાત આપતા પોલીસે તેમને વોન્ટેડ જાહેર કર્યા છે.

આ સાથે પોલીસે મેફેડ્રોન ડ્રગ્સ, અર્ટિગા કાર, ત્રણ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૬,૫૫,૮૯૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઉપરાંત ચારેય આરોપીઓ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાવી મોરબી ક્રાઈમ બ્રાંચે વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

# મોટાવડાળામા દેશી દારૂ સાથે મહિલા ઝડપાય

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કાલાવડ તાલુકાના મોટાવડાળા અને શહેરમાં દેશી દારૂ અને આથા સાથે બે મહિલાઓને પોલીસે ઝડપી લીધી છે અને ગુનાઓ નોંધીને ધરપકડ માટેની તજવીજ હાથ ધરી છે.મોટાવડાળા ગામમાં રસીલાબેન શીવાભાઈ વાજેલીયા નામની મહિલા પોતાના રહેણાંક ઝુંપડામાં દેશી દારૂ બનાવતી હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.ઝુંપડાની તલાસી લેતાં તેમાંથી દેશી દારૂ બનાવવાનો કાચો આથો ૧૦ લીટર મળી આવતા પોલીસે કબજે કર્યો હતો. જેની સામે ગુનો નોંધ્યો છે.તો જામનગર શહેરના ગણપતનગર ખુલ્લી ફાટક બાવરીવાસમાં માલાબેન જીવણભાઈ ડાભી નામની મહિલાના ઝુંપડામાં દેશી દારૂની ભઠ્ઠી ચાલતી હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.તેની તલાસી લેતાં તેમાંથી દેશી પીવાનો દારૂ ૧૫ લીટર અને દેશી દારૂ બનાવવાનો ૧૫૦ લીટર તેમજ દેશી દારૂના સાધનો કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે બન્ને મહીલાઓ હોવાથી તેની સામે ગુનો નોંધીને ધરપકડ માટે નોટિસ આપવામાં આવી છે.અત્રે ઉલ્લેખનીય છેકે, થોડા મહિનાઓ બાદ ફરી પોલીસે દેશીદારૂ ઉપર ઘોંસ બોલાવતા દારૂના ધંધાર્થીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. તો બીજી બાજુ પોલીસ પણ દેશીદારૂની ચાલતી ભઠ્ઠીઓને પકડવા માટે અવારનવાર ખાસ કોમ્બીંગ હાથ ધરવામાં આવે છે

# મોરબીના જૈનીલ પટેલની રાષ્ટ્રીય કક્ષાએ ઝળહળતી સિદ્ધિ, SGFI નેશનલ ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના વતની જૈનીલ પટેલે ચેસ રમતમાં વધુ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. જીલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યા બાદ ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટી દ્વારા તેમને ઝારખંડ રાજ્યના રાંચીમાં યોજાનારી SGFI ૬૯મી નેશનલ સ્કૂલ ગેમ્સ ચેસ ટુર્નામેન્ટ અંડર-૧૪ માટે પસંદ કરવામાં આવ્યા છે. સમગ્ર રાજ્યમાંથી માત્ર પાંચ ખેલાડીઓની પસંદગીમાં મોરબીના જૈનીલ પટેલનો સમાવેશ થતાં જીલ્લામાં ગૌરવની લાગણી છવાઈ છે.



મોરબી જીલ્લાના વતની પ્રતિભાશાળી ચેસ ખેલાડી જૈનીલ પટેલે પોતાની મહેનત અને પ્રતિભાના બળે રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે મોરબીનું નામ ઉજાગર કર્યું છે. જૈનીલ પટેલે અગાઉ ચેસ સ્પર્ધામાં જીલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પોતાની ક્ષમતાનો પરિચય આપ્યો હતો, ત્યારબાદ ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટી દ્વારા યોજાયેલી પસંદગી પ્રક્રિયામાં તેમની પસંદગી કરવામાં આવી છે. આ સિવાય ઝારખંડ રાજ્યના રાંચી શહેર ખાતે આયોજિત થનારી SGFI-૬૯મી નેશનલ સ્કૂલ ગેમ્સ ચેસ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજ્ય તરફથી કુલ પાંચ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે, જેમાં મોરબી જીલ્લામાંથી જૈનીલ પટેલને પસંદ કરવામાં આવ્યા છે. જૈનીલ પટેલ અંડર-૧૪ (બોયઝ) વર્ગમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

જૈનીલ પટેલની આ સિદ્ધિથી તેમના પરિવારજનો અને શાળા શિક્ષકોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

# ગીર ગઢડામાં માધવ મેટરનીટી ચિલ્ડ્રન હોસ્પિટલ દ્વારા ફ્રી નિદાન કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ગીર ગઢડા વિસ્તારમાં આવેલ શ્રેયસ મલ્ટી સ્પેશિયાલીસ્ટ હોસ્પિટલ, પ્રિઝન કોમ્પલેક્ષ, બસ સ્ટેશન સામે આ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવશે જેમાં લોકોને નિષ્ણાંત ડોક્ટરોની હાજરી જોવા આ કેમ્પ યોજાઈ રહ્યો છે જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે આ કેમ્પનો લાભ લઈ જેમાં નિષ્ણાંત ડોક્ટરની વાત કરીએ ત્યારે તેમાં ડો. નલિન એચ. કાતરીયા MBBS, DNB (Obst. & Gynec.) (Laparoscopic Surgeon) સ્ત્રી રોગો અને પ્રસુતિનાં નિષ્ણાંત તેમજ ડો. કિરણ એન. કાતરીયા (DNB D. Ped) નવજાત શિશુ અને બાળરોગ નિષ્ણાંતની હાજર રહેશે તેમની હોસ્પિટલની વાત કરીએ ત્યારે ઉપલબ્ધ સુવિધાઓ,અધતન પ્રસુતિ ગૃહ તેમજ સોનોગ્રાફી લેપ્રોસ્કોપી ઓપરેશન વંધ્યત્વ નિવારણ કેન્દ્ર જેનેટિકસ કાઉન્સેલીંગ કુટુંબ નિયોજન ઓપરેશન અત્યાધુનિક ઓપરેશન થિએટર લોહી પેશાબના રીપોર્ટ અને દવાઓ ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે. કોપર ટી મુકવાની તથા કોથળીના ઓપરેશનની સુવિધા જ્યારે બીજા ડોક્ટર નિષ્ણાત ની કરીએ ત્યારે ડો. કિરણ એન. કાતરીયા (DNB D. Ped) નવજાત શિશુ અને બાળરોગ નિષ્ણાંત એન.આઈ.સી.યુ.નવજાત શિશુમાં થતો કમળો તાવ, શરદી, ઉધરસ, કફ, ઝાડા, ઉલ્ટી ન્યુમોનિયાની તકલીફ, આચકી આવવી બાળકોમાં થતા તમામ રોગોની તપાસ



અને રસીકરણ સુવીધા, આધુનિક મશીનથી તપાસ અને સારવાર તેઓ કરે છે ત્યારે બંને ડોક્ટરો હાજર રહેશે તેમના દવાખાનાની વાત કરીએ ત્યારે તેમનું દવાખાનું બસ સ્ટેશન પાસે, સોમનાથ ગેસ્ટ હાઉસ વાળી શેરીમાં, જુંગીસાહેબની હોસ્પીટલની સામે, આવેલ છે દવાખાનાની અધધ સુવિધા સરકાર માન્ય TL (કુટુંબ નિયોજક ઓપરેશન) ફ્રી માં કરી આપવામાં આવશે. ગર્ભવતી માતાઓ માટે જનની સુરક્ષા યોજના હેઠળ ફ્રી સોનો ગ્રાફી અને તેમની અનોખી સેવા પણ લોકોને પ્રભાવિત કરે છે આ કેમ્પમાં જોડાવા માટે એક હેલ્પલાઈન નંબર પણ જારી કર્યો જેમાં કેમ્પને લગતી તમામ માહિતી મળશે કેમ્પ ને લગતી માહિતી માટે સંપર્ક રાખવામાં આવ્યો છે અને તેમનું એડ્રેસ છે ગીર ગઢડા મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ રાખવામાં આવ્યું છે તારીખ ૨૩,૧, ૨૦૨૩ શુક્રવારના રોજ રાખવામાં આવ્યું છે ૭૮૬૩૦ ૫૫૫૧૯ / ૯૮૭૦૦૪૩૬૧૧ તેવું કહેવામાં આવ્યું છે તેમની આ સેવાને લઈને લોકો તેમને બિરદાવી રહ્યા છે

# જામનગરના રહેણાંક મકાનમાં એલસીબીએ દરોડો પાડીને બીયરના ૧૧૦ ટીન સાથે એકને ઝડપી લીધો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના રહેણાંક મકાનમાં એલસીબીએ દરોડો પાડીને બીયરના ૧૧૦ ટીન સાથે એકને ઝડપી લીધો છે અને રૂ.૨૨૦૦૦નો મુદામાલ કબજે કરવામાં આવ્યો છે. શહેરના હવાઈચોક ભાનુશાળી વાસ શેરીનં-૧માં રહેતા ભુમીત હરજીવનભાઈ ગંઢા નામના શખસના ભોગવટાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની એલસીબીના ધર્મેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર અને ઘનશ્યામભાઈ ડેરવાળીયાને બાતમી મળી હતી. જે બાતમીના આધારે પીઆઈ વી.એમ.લગારીયાની સુચનાથી ટીમે દરોડો પાડીને મકાનની તલાસી લેતાં તેમાંથી રુ.૨૨૦૦૦ના ૧૧૦ બીયર ટીન કબજે કરવામાં આવ્યા હતા. સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવીને સોંપી દીધો છે.

# પૂર્વ કૃષિ મંત્રી અને બિલ્ડરને સોશિયલ મીડિયામાં બદનામ કરનારા જામનગરના વિશાલના સાગરિતની ધરપકડ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગ્રામ્યના ધારાસભ્ય અને રાજ્યના પૂર્વ કૃષિ મંત્રી રાઘવજી પટેલ તેમજ જામનગરના અગ્રણી બિલ્ડર પિતા પુત્રને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરનાર વિશાલ કણસાગરાને જામનગર સાયબર પોલીસે ઝડપી લીધા બાદ તેના એક સાગરિત ધ્રોળના એક શખ્સને ઝડપી લઈ બે દિવસના રિમાન્ડ પર લેવાયો છે. જે જામનગર પંથકની તમામ માહિતી નેપાળમાં બેઠેલા વિશાલને પૂરી પાડતો હતો.જામનગરના બિલ્ડર જમન ફળદુ અને તેમના પુત્રને સોશિયલ મીડિયામાં બદનામ કરવાનું કાવતરું રચવા અંગે બે આઈડી ધારકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ ગુજરાત રાજ્યના પૂર્વ કૃષિ મંત્રી અને જામનગર ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્ય રાઘવજી પટેલે પણ સાયબર ક્રાઈમ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો, અને પોતાને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરનાર ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની આ.ઈડી.ના ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. આ ઉપરાંત જામનગરના અન્ય એક બિલ્ડર સ્મિત પરમારે પણ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં વિશાલ કણસાગરા નામની આઈડીના ધારક સામે પોતાની પાસે ખંડણી માંગવા સંદર્ભે અને સોશિયલ મીડિયામાં બદનામ કરવા અંગેની ફરિયાદ નોંધાવી હતી.મુખ્ય સૂત્રધાર પોલીસ જાપ્તામાં.દરમિયાન સાઈબર ક્રાઈમ પોલીસે આ પ્રકરણમાં સૌ પ્રથમ હેમતલાલ કણસાગરા અને પરસોત્તમ પરમાર નામના બે જામનગરના



આરોપીઓની અટકાયત કરી લીધી હતી. જે બંનેને રિમાન્ડ પર લીધા બાદ હાલ બંનેને જેલ હવાલે કરી દેવાયા છે. જ્યારે આ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર વિશાલ કણસાગરા કે જે અગાઉ પકડાયેલા આરોપી પોતાના પિતા હેમતલાલ કણસાગરાને જામીન પર છોડાવવા માટે ભારતમાં આવીને જામનગર પહોંચ્યો હતો. તે દરમિયાન જામનગર સાઈબર પોલીસ સ્ટેશનની ટીમે તેનું લોકેશન શોધીને ઝડપી લીધો છે, જેને અદાલત સમક્ષ રજૂ કરી આઠ દિવસના રિમાન્ડ પર લીધો છે.પોલીસ દ્વારા તેના બે મોબાઈલ ફોન વગેરે કબજે કરવામાં આવ્યા છે તેમજ કડક હાથે પૂછપરછ થઈ રહી છે. જેમાં તેને જામનગર પંથકની તમામ માહિતી ધ્રોલમાં રહેતો રાજેન્દ્રસિંહ સોલંકી નામનો સાગરીત પુરી પાડતો હોવાનું કબૂલ્યું હતું.જેથી જામનગર સાઈબર ક્રાઈમ પોલીસની ટીમે ધ્રોળના વતની રાજેન્દ્રસિંહ સોલંકીની પણ ધરપકડ કરી છે. તેને અદાલત સમક્ષ રજૂ કરી બે દિવસના રિમાન્ડ પર લીધો છે. આ પ્રકરણમાં અત્યાર સુધીમાં કુલ ચાર આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે, અને પાંચ મોબાઈલ ફોન કબજે કરાયા છે.

# હળવદના ચરાડવા ગામે કોમન પ્લોટમાં બાવળ કાઢવા બાબતેની બબાલમાં મહિલાનો હાથ ભાંગી નાખ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના ચરાડવા ગામે ગોપાલનગર સોસાયટીમાં રહેતા વનીતાબેન જયંતીભાઈ ભુદરભાઈ ચાવડાએ આરોપી વસંતબેન રમેશભાઈ સોનાગ્રા, તુષાર રમેશભાઈ સોનાગ્રા, રમેશભાઈ હરજીભાઈ સોનાગ્રા તેમજ દિનેશભાઈ હરજીભાઈ સોનાગ્રા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૧૭ ના રોજ વનીતાબેનના મકાનની સામેના કોમન પ્લોટમાં કોઈએ બાવળ કાઢ્યા હોય જેથી વનીતાબેને પૂછ્યું કે, આ બાવળ કોને કાઢ્યા ? ત્યારે પડોશમાં રહેતા આરોપી વસંતબેન અને તેના દીકરા તુષારે ફરિયાદી વનીતાબેન સાથે બોલાચાલી બાદ ઝપાઝપી કરી વનીતાબેનને ધક્કો મારી નીચે પછાડી દીધા હતા.

જે દરમિયાન અન્ય બંને આરોપીઓએ આવીને ફરિયાદીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ચાલ્યા ગયા હતા. ત્યારે આ હુમલામાં વનીતાબેનને હાથમાં ફ્રેકચર જેવી ઈજા પહોંચી હતી. હાલ હળવદ પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# ઉનામાં સુવિધાથી સજ્જ પાવન હોસ્પિટલના ઉદ્ઘાટન પ્રસંગે રાજકીય બિન રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા

હવે લોકોને સારવાર માટે રાજકોટ જવું નહીં પડે

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના શહેરમાં આવેલ ૮૦ ફૂટ રોડ ઉપર પાવન હોસ્પિટલ નું ઉદ્ઘાટન થયું જેમાં રાજકીય અને બિન રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા પાવન હોસ્પિટલ બિલકુલ સુવિધાઓથી સજ્જ બની છે અને લોકોના આરોગ્યની ચિંતાકરી અને તમામ સુવિધાઓ સાથે હોસ્પિટલ આજે માટે ઉના માટે નવું નજરાણું છે ડોક્ટર મેહુલ સોલંકી નવું સોપાન



એટલે પાવન હોસ્પિટલ તેમજ તેઓ ની ટીમ સતત ૨૪ કલાક હાજર રહેશે મહેમાનોની વિશેષ વાત કરી અત્યારે જુનાગઢ જિલ્લા તેમજ ગીર સોમનાથ જિલ્લા કોળી સેના પ્રમુખ દીપાબેન બાભણીયા હાજર રહ્યા હતા તેમને શુભેચ્છા પાઠવી હતી જેમાં નગર પાલિકાથી લઈને તાલુકા પંચાયતના હોદ્દેદારો પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના ક્રિકેટ સટ્ટાના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી પોલીસ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના ક્રિકેટ સટ્ટાના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા શખસને પેરોલ ફર્લો સ્કવોડે રાજકોટથી ઝડપી લઈને સ્થાનિક પોલીસ સ્ટેશનને સોંપી દીધો છે.વર્ષ સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૨૦૨૫માં ક્રિકેટ પર સટ્ટો રમવાનો ગુનો ઝડપાયો હતો. જેમાં રાજકોટના વિરભદ્રસિંહ ઉર્ફે વિરૂભા દિલાવરસિંહનું નામ ખુલતા પોલીસે તેને ફરાર જાહેર કર્યો હતો. તે છેલ્લા એક વર્ષથી પોલીસથી નાસતો ફરતો હતો.તે હાલ રાજકોટમાં હોવાની પેરોલ ફર્લો સ્કવોડના દિલીપસિંહ જાડેજા, ગજેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઈ ડાંગર,કરણસિંહ, દિવ્યરાજસિંહ જાડેજાને બાતમી મળી હતી. જે બાતમીના આધારે પીઆઈ પી.એન.મોરીની સુચનાથી ટીમે રાજકોટ સુધી તપાસ લંબાવી હતી. આરોપીને પકડીને જામનગર લાવીને સીટી સી ડિવિઝન પોલીસને સોંપી દીધોહતો.અત્રે ઉલ્લેખનીય છે કે, જામનગર પેરોલ ફર્લો સ્કવોડને બાતમી મળતા જ એક ટીમ રાજકોટ ખાતે રવાના થઈ ગઈ હતી. સ્થાનિક પોલીસની મદદ મેળવીને સતત આરોપી પર વોચ રાખવામાં આવી હતી. જે બાદ આરોપીને કોર્ડન કરીને ઝડપી લીધો હતો.

# મોરબી નવલખી ફાટક નજીક મળેલ અજાણ્યા પુરુષના મૃતદેહ અંગે વાલી-વારસની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નવલખી ફાટક પાસે ખુલ્લા મેદાનમાંથી અંદાજે ૫૦થી ૫૫ વર્ષના અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો છે. મૃતકની ઓળખ ન થતાં મોરબી સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા અ.મોતની નોંધ કરી, મૃતકના વાલી-વારસની શોધખોળ શરૂ કરી છે. મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અ.મોતની નોંધની વિગત મુજબ, મોરબીથી કંડલા બાયપાસ તરફ નવલખી ફાટક પાસે સિલ્વર સોસાયટીના પાછળ આવેલા ખુલ્લા



મેદાનમાંથી તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ સાંજના અરસામાં એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઉંમર અંદાજે ૫૦થી ૫૫ વર્ષ હોવાનું માનવામાં આવે છે. મૃતક રંગે ઘઉંવર્ણનો છે, તેની ડાબી આંખની નીચે તલનું નિશાન જોવા મળે છે. મૃતદેહે રાખોડી રંગનો આખી બાયનો લાઈનીંગવાળો સ્વેટર અને કાળા રંગનું પેન્ટ પહેરેલું છે. માથાના વાળ સફેદ-ભૂરા રંગના હોવાનું નોંધાયું છે. હાલ આ મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે મૃતકના વાલી-વારસની શોધખોળ શરૂ કરી છે. આ સાથે પોલીસ દ્વારા અપીલ કરાઈ છે કે, જો કોઈ વ્યક્તિને મૃતક અંગે કોઈ માહિતી હોય તો, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ટેલિફોન ૦૨૮૨૨-૨૩૦૧૮૮ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

# મોરબીના નાનીવાવડી ગામે શિવાલય બંગલોઝમાં પાર્ક કરેલ બાઈક તસ્કરો હંકારી ગયા

મોરબીના નાની વાવડી ગામે ઈશ્વરીય મહાદેવ મંદિર રોડ ઉપર શિવાલય બંગલોઝમાં પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યા વાહન ચોર ચોરી કરી લઈ ગયા અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. મળતી વિગત મુજબ, મોરબીના નાની વાવડી ગામે ઈશ્વરીય મહાદેવ મંદિર રોડ ઉઓર આસલ શિવાલય બંગલોઝમાં રહેતા અશ્વિનભાઈ નાગજીભાઈ બાવરવા ઉવ.૪૫એ તાલુકા પોલીસ મથકમાં બાઈક ચોરી અંગે ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ગત તા.૧૭/૧૨/૨૦૨૫ ના રોજ અશ્વિનભાઈ પોતાનું હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. જીજે-૩૬-એએમ-૪૪૨૯ વાળું લઈને રાત્રીના ગામમાંથી પરત આવી પોતાના રહેણાંક મકાનની દીવાલ પાસે પાર્ક કર્યું હતું. જે બીજે દિવસે તા.૧૮/૧૨ ના રોજ સવારે જોતા આ બાઈક કોઈ વાહન ચોર ચોરી કરી લઈ ગયો હોય, ત્યારે નિયમ મુજબ બાઈક ચોરી અંગે ઓરથમ ઇ-એફઆઈઆર બાદ તાલુકા પોલીસ દ્વારા પોલીસ મથકે બોલાવતા જ્યાં રૂબરૂ બાઈક ચોરી થયા અંગેની ફરિયાદ નોંધાવી છે. હાલ તાલુકા પોલીસે અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજકોટઃ છેલ્લા ૩ દિવસમાં જણસીઓની બમ્પર આવક



## માર્કેટિંગ યાર્ડમાં કપાસ, મગફળી અને જીરૂની આવકમાં ઉછાળોઃ હજારો વાહનોની લાંબી કતારો જોવા મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં છેલ્લા ત્રણ દિવસથી વિવિધ જણસીઓની આવકમાં ધરખમ વધારો નોંધાયો છે. ખાસ કરીને કપાસ, મગફળી અને જીરું જેવી મુખ્ય જણસીઓની મબલખ આવકથી યાર્ડ ઉભરાઈ ગયું છે. ગત શુક્રવારથી સોમવાર સુધીના આંકડાઓ પર નજર કરીએ તો યાર્ડમાં દરરોજ ૧૦૦૦ થી વધુ વાહનોની આવક થઈ રહી છે, જે ખેડૂતોના ખેત-ઉત્પાદનોની મજબૂત આવક અને બજારની તેજી દર્શાવે છે. જોકે યાર્ડના સત્તાધીશો દ્વારા ખેડૂતોને કોઈપણ મુશ્કેલી પડે નહીં તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. શુક્રવાર ૧૬/૦૧/૨૦૨૬ ના રોજ રાજકોટ માર્કેટયાર્ડમાં અંદાજે ૧૦૫૦ થી વધુ વાહનોની આવક થઈ હતી. આ દિવસે કપાસની આવક ૧૨૦૦૦ મણ, સોયાબીન ૨૮૦૦ મણ, અળદ ૮૦૦ મણ, ઘઉં ૫૦૦૦ મણ, ચણા ૩૮૦૦ મણ, મગ ૨૫૦૦ મણ અને લસણની ૩૪૦૦ મણ આવક નોંધાઈ હતી. આ ઉપરાંત સિંગફાડા ૪૨૦૦ મણ, સફેદ તલ ૨૮૦૦ મણ, જીરું ૩૯૦૦ મણ અને કાળા તલની ૧૦૦૦ મણ આવક થઈ હતી.

શનિવાર ૧૭/૦૧/૨૦૨૬ ના રોજ પણ આવકનો પ્રવાહ સતત ચાલુ રહ્યો હતો અને ૧૦૦૦ થી વધુ વાહનો યાર્ડમાં ઠલવાયા હતા. આ દિવસે કપાસની આવક ૧૧૦૦૦ મણ, સોયાબીન ૪૦૦૦ મણ, અળદ ૨૬૦૦ મણ અને ઘઉંની ૬૨૦૦ મણ આવક નોંધાઈ હતી. જ્યારે ચણાની આવક વધીને ૫૪૦૦ મણ, મગ ૨૫૦૦ મણ, લસણ ૪૯૦૦ મણ અને સિંગફાડાની આવક ૬૦૦૦ મણ સુધી પહોંચી હતી. સફેદ તલ અને જીરુંની આવક ૨૫૦૦-૨૫૦૦ મણ રહી હતી, જ્યારે કાળા તલ આવક ૪૦૦ મણ નોંધાઈ હતી.

આજે યાર્ડમાં આવકનો મોટો ઉછાળો જોવા મળ્યો હતો અને અંદાજે ૧૧૫૦ થી વધુ વાહનો નોંધાયા હતા. આ દિવસે મગફળીની રેકોર્ડબ્રેક ૧૨૫૦૦૦ મણ એટલે કે ૮૪૦૦૦ ગુણીની આવક થઈ હતી. કપાસની આવક ફરી ૧૨૦૦૦ મણ પર પહોંચી હતી. અન્ય જણસીઓમાં સોયાબીન ૩૦૦૦ મણ, અળદ ૩૬૦૦ મણ, ઘઉં ૮૦૦૦ મણ, ચણા ૫૫૦૦ મણ, મગ ૨૭૦૦ મણ અને લસણની ૫૦૦૦ મણ આવક નોંધાઈ હતી. સિંગફાડાની આવકમાં મોટો વધારો જોવા મળતા ૧૨૫૦૦ મણની આવક થઈ હતી. આ ઉપરાંત સફેદ તલ ૨૧૦૦ મણ, જીરું ૫૦૦૦ મણ અને કાળા તલની ૨૩૦૦ મણ આવક હતી.

રાજકોટ યાર્ડમાં જણસીની આ મબલખ આવકને પગલે વ્યવસ્થા જાળવવા વહીવટી તંત્ર દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વાહનોને ક્રમવાર પ્રવેશ આપીને ઉતરાઈની કામગીરી કરવામાં આવી હતી. આ સમગ્ર વ્યવસ્થાનું નિરીક્ષણ રાજકોટ માર્કેટયાર્ડના ચેરમેન જયેશ બોઘરા, વાઈસ ચેરમેન તથા ડિરેક્ટર અને સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. ખેડૂતોને પોતાની જણસી વેચવામાં કોઈ તકલીફ ન પડે તે માટે યાર્ડના સત્તાધીશો દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવ્યું હતું.

# સંયુક્ત કાર્યવાહીનું જીવંત ઉદાહરણઃ ૧૮૧--૧૦૯૮--પોલીસની સતર્કતાથી ૮ વર્ષના બાળકને સુરક્ષિત માતા-પિતાને સોંપાયુ

## ભક્તિનગર વિસ્તારમાં શાળા, આસપાસના સ્થળો અને અટિકા સહિતની વસાહતમાં સતત શોધખોળના અંતે પરિવારની ભાળ મેળવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન, ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ તથા ભક્તિ નગર પોલીસ સ્ટેશનની સહિયારી, ઝડપી અને માનવીય અભિગમયુક્ત પરિણામલક્ષી કામગીરી જોવા મળી છે. જેમાં ૮ વર્ષના ભૂલા પડી ગયેલા બાળકનું સુખદ મિલન તેના પરિવારજનો સાથે કરાવી આપી પ્રશાસન નાગરિકોની સુરક્ષા પ્રત્યે નિષ્ઠાપૂર્વક કામગીરી કરી રહી હોવાની પ્રતીતિ કરાવી છે''

આ અંગે ૧૮૧ અભ્યમ ટીમના કાઉન્સેલર શ્રી બીનાબેન ગોહિલે માહિતી આપતા જણાવ્યું છે કે, આજ રોજ મહિલા હેલ્પલાઇન પર એક સજ્જન નાગરિકે આશરે ૮ વર્ષનુ બાળક એકલુ મળી આવ્યાનું જણાવ્યું હતું. ફોન પર આપવામાં આવેલી વિગત મુજબ અમારી ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી બાળકની સુરક્ષા કસ્ટડી લીધી હતી. બાળકને શાંતિ આપીને નાસ્તો કરાવવામાં આવ્યો અને વિશ્વાસમાં લઈ માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

બાળક દ્વારા આપેલા સરનામા પર તપાસ કરી છતાં વાલી-વારસ ન મળતા, મામલો ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ ને સોંપવામાં આવ્યો. ત્યારબાદ ૧૦૯૮ ટીમના યોગેશભાઈ અને મણવર પિયુષભાઈ સાથે સંયુક્ત રીતે તપાસ શરૂ કરવામાં આવી. નજીકની શાળાઓમાં ફોટો મોકલી તપાસ કરાઈ, પુલ નીચે રહેતા હોવાની માહિતીના આધારે સ્થળ પર તપાસ કરાઈ, પરંતુ કોઈ સ્પષ્ટ ઓળખ ન મળતા મામલો કાયદેસર રીતે ભક્તિ નગર પોલીસ સ્ટેશનને હવાલે કરાયો.

ભક્તિ નગર પોલીસ સ્ટેશનમાં ઇન્વેસ્ટિગેશન સ્ટાફે બાળક સાથે પુછપરછ કરી અને ટેકિન્કલ તથા માનવીય સૂત્રોથી શોધખોળ હાથ ધરી. અંતે અટિકા ફાટક વિસ્તારથી બાળકના ભાઈ સુધી પહોંચવામાં સફળતા મળી. ત્યારબાદ માતા-પિતાને બોલાવી આધારકાર્ડ દ્વારા ઓળખ ચકાસી અને બાળકને સહીસલામત તેમના વાલી-વારસને સોંપવામાં આવ્યું હતું.

૧૮૧ ટીમ તથા પોલીસ દ્વારા માતા-પિતાને સમજાવવામાં આવ્યું કે નાની ઉંમરના બાળકોને એકલા બહાર મોકલવું ગંભીર બેદરકારી છે, જે કાયદેસર રીતે પણ દંડનીય બની શકે છે. બાળકના માતા-પિતાએ પોતાની ભૂલ સ્વીકારી અને આગળથી ખાસ કાળજી રાખવાની ખાતરી આપી તેઓનો આભાર માન્યો હતો.

કોઈ પણ બાળક એકલું, ભટકતું કે સંકટમાં દેખાય તો તરત ૧૮૧ અથવા ૧૦૯૮ હેલ્પલાઇન પર જાણ કરવા તંત્ર દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે. એક કોલ થકી મદદ કરી કોઈ એક જીવ અને તેના પરિવારજનોને મદદરૂપ બની શકાય છે.

# સરગમ ક્લબ દ્વારા મકરસંક્રાંતિના પવિત્ર દિવસે હરિદ્વારમાં અસ્થિનું પૂજન કરાયું

## સરગમ ક્લબ દ્વારા ૨૫૦૦ અસ્થિઓનું વિસર્જન કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ કલબના ઉપક્રમે હરિદ્વાર મુકામે ગંગાઘાટ ઉપર હરકીપૌડી અસ્થીઘાટ ઉપર રામનાથપરા મુક્તિધામમાં તારીખ ૦૧/૦૭/૨૦૨૫ થી ૩૧/૧૨/૨૦૨૫ સુધીના લાકડા વિભાગ તેમજ વિદ્યુત વિભાગના કુલ ૨૫૦૦ વ્યક્તિના અગ્નિદાહ અપાયેલ તે તમામ ના તારીખ ૧૪/૦૧/૨૦૨૬ ના રોજ બપોરના ગંગા નદીમાં સરગમ પરિવાર ના લોકો એ દરેક ના વ્યક્તિગત નામ લઈ અસ્થી પધરાવેલ ત્યારબાદ ત્યાં સાધુ સંતો ને ભોજન તેમજ ચા પીવડાવેલ. તેમજ ગંગા નદી માં સ્નાન કરીને પૂણ્ય પ્રાપ્ત કરેલ આ માટે સરગમ ક્લબ નાં કમિટી મેમ્બરો પોતાના સ્વખર્ચે અસ્થી વિસર્જન કરવા ગયેલ.

સરગમ ક્લબના હોદેદારો એ બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રો વિધીથી અસ્થિ નું પુજન કરીને ગંગા ઘાટમાં અસ્થિ પધરાવેલ ગુણવંતભાઈ ડેલાવાળા આ સેવાકીય કામ માટે ગુણવંતભાઈ ડેલાવાળા માર્ગદર્શન હેઠળ કમિટી મેમ્બર ની ટીમ રમેશભાઈ અકબરી, કનૈયાલાલ ગજેરા , જયસુખભાઈ ડાભી, અનવરભાઇ ઠેબા,કિરીટભાઇ ગજેરા, મનોજભાઈ અનડ્કટ, જયેશભાઇ કાટકોરીયા તેમજ અલ્કાબેન ધામેલિયા, હેતલબેન થડેશ્વર, દિવ્યાબેન ઉમરાણીયા, નિશાબેન ખંધેડીયા, જયશ્રીબેન વ્યાસ, શિલ્પાબેન રાણપરા અને જીગ્નાબેન બુદ્ધદેવ ઉપસ્થિત રહેલ અને સાધુઓને કરાવેલ. આ તમામ મેમ્બરો હરિદ્વારમાં અસ્થી પૂજન સેવા કાર્યમાં સહયોગ આપેલ.

# જામકંડોરણા હરસિધ્ધિ માતાજીના પાટોત્સવમાં માતાજીના દર્શનનો લાભ લેતા ધારાસભ્ય જયેશ રાદડિયા



**મુખ્ય સમાચાર, ઉપલેટા**

જામકંડોરણા તાલુકાના જસાપર ગામ ખાતે આવેલ સુપ્રસિદ્ધ હરસિદ્ધિ માતાજીના મંદિર ખાતે ૨૭ માં ભવ્ય પાઠ ઉત્સવ ઉજવાયો. હરસિધ્ધિ માતાજીના સોના જડિત આભૂષણ ની પ્રતિષ્ઠા તેમજ ભવ્ય નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું બહોળી સંખ્યામાં ભાવીભક્તોએ દર્શનનો તેમજ મહા પ્રસાદનો લ્હાવો લીધો હતો જેતપુર જામકંડોરણાના ધારાસભ્ય જયેશ રાદડિયા પણ દુઃખીયાના દુઃખ દુર કરનારા ''શ્રી હરસિધ્ધિ માતાજીના ચરણોમા શીશ નમાવીને મંદિરના મહંત પરીવારના આશીર્વાદ લેતા યુવા ધારાસભ્ય જયેશ રાદડિયા.મંદિરના મહંત શ્રી દ્વારા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા નું ફુલહારથી સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

# પૂર્વ સૈનિકો અને સ્વ. પૂર્વ સૈનિકોના પત્નીઓએ ESM Gujarat પોર્ટલ ઉપર ઓનલાઇન નોંધણી કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ, મોરબી તથા અમરેલી જિલ્લામાં વસવાટ કરતા તમામ પૂર્વ સૈનિકો તેમજ સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મપત્નીઓને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત સરકાર દ્વારા સૈનિકોના કલ્યાણ માટે તૈયાર કરવામાં આવેલી www.esm.gujarat.gov.in વેબસાઇટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

અગાઉ પૂર્વ સૈનિક / સ્વ. પૂર્વ સૈનિકના ધર્મપત્ની તરીકેનું આઈ-કાર્ડ, ડીપેન્ડન્ટનું આઈ-કાર્ડ, એનઓસી, દીકરી લગ્ન સહાય, આર્થિક સહાય, મરણોત્તરક્રિયા સહાય વગેરે માટે સૈનિક બોર્ડમાં રૂબરૂ જઈ મેન્યુઅલી ફોર્મ ભરીને અરજી કરવી પડતી હતી. હવે આ તમામ સેવાઓ સંપૂર્ણપણે ઓનલાઇન કરવામાં આવેલ હોવાથી ઉપરોક્ત વેબસાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરેલું હશે તો જ સંબંધિત સેવાઓ માટે ઓનલાઇન અરજી કરી શકાશે. રજીસ્ટ્રેશન ન કરાવનાર લાભાર્થીઓ માટે ઉપરોક્ત સેવાઓ અટકી જશે જેની નોંધ લેવાની રહેશે.

આ રજીસ્ટ્રેશન ઘરેથી કોમ્પ્યુટર અથવા મોબાઇલ દ્વારા પણ કરી શકાશે. રજીસ્ટ્રેશન દરમિયાન કોઈપણ પ્રકારની મુશ્કેલી અથવા માર્ગદર્શનની જરૂરિયાત જણાય તો જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રાજકોટના ફોન નંબર ૦૨૮૧-૨૪૭૬૮૨૫ ઉપર કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક કરવા જણાવવામાં આવે છે. ઉપરાંત, તમામ મૂળ દસ્તાવેજો સાથે કચેરીમાં રૂબરૂ હાજર રહીને પણ રજીસ્ટ્રેશન કરાવી શકાશે તેમ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રાજકોટ દ્વારા જણાવાયું છે.

# મોરબીની યુવતીને વીડિયો-ફોટા વાયરલ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપનાર મહેસાણાના યુવક સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીના ઘુનડા રોડ ઉપર રહેતી રહેતી ૨૪ વર્ષીય યુવતીએ મહેસાણાના પિલુદ્રા ગામના તેના દસ્તાવેજી લગ્ન કરી લીધેલ પતિ સામે વીડિયો-ફોટા વાયરલ કરવાની, જાનથી મારી નાખવાની ધમકી અને વોટ્સએપ પર ગાળો આપવાની ફરિયાદ અત્રેના સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ બીએનએસ કલમ ૩૫૨ અને ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી શહેરના ઘુનડા રોડ ધર્મભક્તીનગર ૨૦૧ દેવ હિલ્સમાં રહેતા ધ્રુવીબેન પ્રકાશભાઈ પટેલ ઉવ.૨૪એ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આરોપી હર્ષ ભરતભાઈ પ્રજાપતિ રહે.પિલુદ્રા મહેસાણા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે વર્ષ ૨૦૧૯ દરમિયાન સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ મારફતે તેમનો પરિચય ઉપરોક્ત આરોપી હર્ષ પ્રજાપતિ સાથે થયો હતો. શરૂઆતમાં મિત્રતા બાદ બંને વચ્ચે પ્રેમસબંધ બંધાયો હતો અને ફોન, વોટ્સએપ તથા ઈન્સ્ટાગ્રામ દ્વારા સતત સંપર્કમાં હતા. આ દરમિયાન આરોપીએ તેમના સાથેના કેટલાક વીડિયો પોતાના મોબાઈલમાં ઉતાર્યા હતા. જે બાદ તા.૨૦ મે ૨૦૨૪ના રોજ ચાંદખેડા ખાતે દસ્તાવેજ ઉપર સહી કરીને લગ્ન કર્યા હતા.

ત્યારબાદ આરોપી હર્ષ પ્રજાપતિ યુવતીને વારંવાર ફોન કરી જાનથી મારી નાખવાની તેમજ વીડિયો-ફોટા વાયરલ કરવાની ધમકી આપતો હતો. તેમજ વોટ્સએપ પર ભુંડી ગાળો આપતો હતો. આ સાથે પૈસાની માંગણી કરી યુવતી પાસેથી ૪૦ થી ૫૦ હજાર સુધીની રકમ પણ લીધી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. હાલ મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહારાષ્ટ્ર મહાનગરપાલિકા ચૂંટણી ૨૦૨૬માં BJPને મળેલી ઐતિહાસિક સફળતા ડૉ. હિરેન ઘેલાણીના શીરે



## ૩૦ વર્ષ પછી દેશની સૌથી મોટી અને આર્થિક રીતે સૌથી મજબૂત મહાનગરપાલિકામાં ડૉ. હિરેન ઘેલાણી દ્વારા વ્યૂહાત્મક આયોજનથી ઐતિહાસિક રાજકીય પરિવર્તન લાવવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહારાષ્ટ્ર મ્યુનિસિપલ કોર્પોરેશન ઈલેક્શન ૨૦૨૬ માં ભારતીય જનતા પાર્ટી ની ઐતિહાસિક વિજય નો શ્રેય ડૉ હિરેન ઘેલાણી ના શીરે. ડૉ હિરેન ઘેલાણી દ્વારા કરવામાં આવેલી ઈલેક્શન સ્ટ્રેટેજી પ્લાનનિંગ - બ્રિહેંનમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, થાને, વસઈ વિરાર, પુણે તેમજ પિમ્પ્રીં ચિયાવાડ જેવી મુખ્ય મહાનગરપાલિકાઓ માં તેમનું સ્ટ્રેટેજી પપ્લાનનિંગ સફળતાપૂર્વક ઈમ્પલમેન્ટ કર્યું. જેમ કે બ્રિહેંનમુંબઈ મહાનગરપાલિકા ની સ્ટ્રેટેજી ના ભાગરૂપે મુંબઈ ના ૨૨૭ વોર્ડ અને જેમાં આવનારા ૧,૦૩,૪૪,૩૧૬ વોટર્સ ની વચ્ચે ની કળી એટલે કે ૧૦,૦૦૦+ બૂથ પ્રમુખો ને સિંગલ વિન્ડો પ્લેટફોર્મ BJP WINGS પર લઈ આવી હર એક બૂથ પ્રમુખ ને તેમની નીચે આવતા હર એક વોટર ને મળવાની જવાબદારી ને સાકાર કરતી વ્યૂહરચના ની મિસાલ આપી અને એ મિસાલ મહારાષ્ટ્ર ની ભવ્ય જીત માં તબદીલ થઈ.

ભારતીય જનતા પાર્ટીની ઈલેકશન સ્ટ્રેટેજી પ્લાનિગ ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરનાર ડૉ. હિરેન ઘેલાણીએ ૬થી વધુ રાજ્યોમાં મુખ્યમંત્રીઓ, પ્રદેશ અધ્યક્ષઓ, MLA તથા ટોપ મેનેજમેન્ટ સાથે રહીને ચૂંટણી વ્યૂહરચના તૈયાર કરી અને તેનું સફળ અમલ કર્યો છે. લોકસભા ચૂંટણી દરમિયાન મહારાષ્ટ્રની તમામ ૪૮ બેઠકો પર ઈલેકશન સ્ટ્રેટેજિક પ્લાનિંગ પૂર્ણ કર્યા બાદ, તેમની કાર્યક્ષમતાને ધ્યાનમાં રાખીને વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ની મહત્વપૂર્ણ જવાબદારી તેમને સોંપવામાં આવી, જેને તેમણે સંપૂર્ણ આયોજન, ડેટા આધારિત અભિગમ અને ગ્રાઉન્ડ લેવલ સુધીના અસરકારક ઈમ્પ્લેમેન્ટેશન દ્વારા સફળતાપૂર્વક પાર પાડી. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં ભાજપને પ્રાપ્ત થયેલી ભવ્ય જીતમાં ડૉ. હિરેન ઘેલાણીનો નિર્ણાયક ફાળો રહ્યો હતો.

# સમાચાર સંક્ષીપ્તમાં

## મોરબીમાં મફતીયાપરામાં રહેણાંકમાંથી વિદેશી દારૂના ૨૦ ચપલા ઝડપાયા

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી કે, સર્કિટ હાઉસ સામે મફતીયાપરામાં રહેતો દિનેશભાઇ પુરબીયા પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂ રાખી તેનું વેચાણ કરે છે, જે બાતમીને આધારે પોલીસે ઉપરોક્ત રહેણાંકમાં રેઇડ કરતા જ્યાંથી વિદેશી દારૂ ૮ પીએમ વ્હિસ્કીની ૧૮૦મીલી. ની ૨૦ બોટલ કિ.રૂ.૫,૫૦૦/-મળી આવી હતી, રેઇડ દરમિયાન આરોપી દિનેશભાઇ સોમાભાઈ પુરબીયા હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી પોલીસે આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબી વાઘપર(પીલુડી) ગામે રહેણાંકમાંથી વિદેશી દારૂની બે બોટલ સાથે મકાન માલીક પકડાયો

મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમે પૂર્વ બાતમીને આધારે વાઘપર(પીલુડી) ગામે રાજેશભાઇ બાવરવાના રહેણાંક મકાનમાં રેઇડ કરી વિદેશી દારૂ બ્લેન્ડર પ્રાઇડ વ્હિસ્કીની બે બોટલ કિ.રૂ.૩,૬૦૦/-પકડી લેવામાં આવી હતી. આ સાથે પોલીસે આરોપી રાજેશભાઇ બાબુભાઇ બાવરવા ઉવ.૫૧ ની સ્થળ ઉપરથી અટક કરી તેની વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીના સીરામીક સિટીમાં યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત

મોરબીના સીરામીક સિટી વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. બનાવ અંગે મોરબી સીટી બી ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી છે. મોરબીના સીરામીક સિટીમાં રહેતા રાજેશભાઈ મેરામભાઈ જાખોત્રા ઉવ.૩૫એ ગઈકાલ તા.૧૮/૦૧ના રોજ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેનું મૃત્યુ નિપજ્યું હતું. ત્યારે મૃતકનો મૃતદેહ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં ફરજ પરના ડોક્ટરે પોલીસને જાણ કરતા, બી ડિવિઝન પોલીસે અ. મોતની નોંધ જારી આગળની તપાસ ચલાવી છે.

## મોરબી રવાપર રેસિડન્સી નજીક બાઇકમાં દારૂની બોટલ સાથે નીકળેલ યુવકની અટક

મોરબીના રવાપર રોડ ઉપર રવાપર રેસિડેન્સી નજીક ખોડિયાર સર્વિસ સેન્ટર પાસે શંકાસ્પદ હાલતમાં સ્પ્લેન્ડર બાઇક રજી.નં. જીજે-૦૩-ડીએ-૨૬૪૮ લઈને આવતા શખ્સને સીટી એ ડિવિઝન પોલીસે રોકી તેની તલાસી લેતા તેની પાસેથી વિદેશી દારૂ ઓલ્ડ મંક રમની એક બોટલ કિ.રૂ.૬૯૬મળી આવી હતી. જેથી પોલીસે આરોપી કલ્પેશભાઈ દેવકરણભાઈ પરમાર ઉવ.૨૦ રહે. રવાપર બોનીપાર્ક પાછળ ખેંગડીની વાડી મોરબી વાળાની અટક કરી હતી. આ સાથે પોલીસે વિદેશી દારૂની બોટલ તથા બાઇક સહિત કુલ રૂ.૨૫,૬૯૬નો મુદ્દામાલ કબ્જે લઈ પકડાયેલ આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીના વજેપર મેઈન રોડ ઉપર એક્ટીવામાંથી વ્હિસ્કીની ૪ બોટલ ઝડપાઇ, આરોપીની શોધખોળ

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વજેપર મેઈન રોડ ઉપરથી એક રેઢું પડેલ એકટીવા મોપેડમાંથી વિદેશી દારૂ ૧૦૦ પાઈપર્સ બ્લેન્ડેડ સ્કોચ વ્હિસ્કીની ૪ બોટલ કિ.રૂ.૧૩,૫૬૦/- મળી આવી હતી. આ સાથે પોલીસે દારૂ તથા મોપેડ સહિત રૂ.૩૮,૫૬૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ, આરોપી એકટીવા ચાલક તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

## મોરબીના ભડિયાદ ગામે જામનગરી બંદૂક સાથે એક પકડાયો

મોરબીના ભડિયાદ ગામની સીમમાં નદીના કાંઠે વોકળા પાસે બાવળની કાંટમાં જામગરી બંદૂક સાથે એક શખ્સ હોવાની પૂર્વ બાતમીને આધારે તાલુકા પોલીસ ટીમે ઉપરોક્ત સ્થળે રેઇડ કરતા જ્યાંથી આરોપી પ્રકાશભાઈ રામજીભાઈ વનેશીયા ઉવ.૩૫ રહે. ભડિયાદ કાંટે મૂળ રહે. જુના નાગડાવાસ તા.જી.મોરબી વાળો જામગરી બંદૂક કિ.રૂ.૧,૫૦૦/-સાથે મળી આવતા, તેની પાસેથી ઉપરોક્ત હથિયાર જપ્ત કરી પોલીએ આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મનપા કમિશ્નરની ક્લસ્ટર નં.૧ની વિઝીટ, સફાઈ કામગીરીની સમીક્ષા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાના કમિશ્નરે તા. ૧૨/૦૧/૨૦૨૬ના રોજ ક્લસ્ટર નં. ૧ની વિઝીટ કરી સફાઈ કર્મચારીઓની હાજરી અને કામગીરીની ચકાસણી કરી હતી. આ દરમિયાન વિવિધ વિસ્તારોમાં આવેલા જીવીપી અને હેન્ડકાર્ટ પોઈન્ટની મુલાકાત લેવામાં આવી હતી. સાથે સાથે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા અઠવાડીક સફાઈ ઝુંબેશ અને શાળાઓમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. મોરબી મહાનગરપાલિકાના કમિશ્નર દ્વારા તા. ૧૨/૦૧/૨૦૨૬ના રોજ ક્લસ્ટર નં. ૧ની મુલાકાત લઈ સફાઈ કર્મચારીઓની હાજરીની ચકાસણી કરવામાં આવી હતી. આ દરમિયાન પંચાસર, વાવડી રોડ તેમજ વાવડી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ જીવીપી પોઈન્ટ અને હેન્ડકાર્ટ પોઈન્ટની પણ વિઝીટ કરવામાં આવી હતી. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા દર મંગળવારે હાથ ધરાતી અઠવાડીક સફાઈ ઝુંબેશ અંતર્ગત વાવડી પંચાયત મેઈન રોડ, ધોળેશ્વર રોડ, મહેન્દ્રનગર બસ સ્ટેન્ડથી રામ વાડી, ભડીયાદ રોડ, પોલીસ લાઈન પાછળ, ઉમિયા સર્કલથી ભક્તિનગર સર્કલ, નવલખી રોડ, રવાપર ધુનડા રોડ તથા લીલાપર ગ્રામ પંચાયત સહિતના વિસ્તારોમાં ખાસ સફાઈ કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત ''એક શાળા એકવાર'' કાર્યક્રમ અંતર્ગત વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓને સુકા અને ભીના કચરાના વર્ગીકરણ, કચરાના સંગ્રહ, પરિવહન અને રિસાયકલિંગ તેમજ સ્વચ્છતા જાળવવામાં નાગરિકોની જવાબદારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વિકસે અને તેઓ આ સંદેશ પોતાના પરિવાર તથા સમાજ સુધી પહોંચાડે તે હેતુથી વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

# મોરબીમાં જાંબુડીયા ગામે ઇંડાની કેબીને દેશી દારૂ લેવા ગયેલ મજૂર ઉપર દુકાન ધારક પિતા-પુત્રએ હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના જાંબુડીયા ગામની સીમમાં સિરામિક કારખાના પાસે કેબીનમાં ઈંડાની સાથે દેશી દારૂનું વેચાણ થતું હોય જેથી દારૂ લેવા ગયેલા મજૂરને ગાળો આપી ઢીકાપાટુ અને લાકડીથી હુમલો કરાયો હોવાની ફરિયાદ નોંધાઈ છે. દુકાન ધારક પિતા-પુત્રએ લાકડીઓ ફટકારી મજૂરને પગમાં ઈજા પહોંચડતા સારવારમાં ખસેડવામાં આવ્યો છે. હાલ આ મામલે આરોપી પિતા-પુત્ર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવી છે.

મોરબી તાલુકાના જાંબુડીયા ગામની સીમમાં આવેલ મારબો મેક્સ સિરામિક કારખાનાની કોલોનીમાં રહેતા મૂળ મધ્યપ્રદેશ રાજ્યના વતની અંબારામ ખીમાજી પરમાર ઉવ.૪૨એ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ છેલ્લા બે વર્ષથી પરિવાર સાથે કારખાનામાં મજૂરી કોન્ટ્રાક્ટ ચલાવે છે. ગત તા. ૧૫/૦૧/૨૦૨૬ના રોજ સાંજના સમયે તેઓ કારખાનાની બાજુમાં આવેલ ઈંડાની કેબીન પર દેશી દારૂ લેવા ગયા હતા.

ત્યારે ત્યાં હાજર દુકાનદાર આરોપી મહેશભાઈ રહે. જાંબુડીયા વાળાએ દારૂ લેવા અંગે મનાઈ કરી બોલાચાલી શરૂ કરી હતી. વાત વધતા આરોપીએ પીડિતને ગાળો આપી ઢીકાપાટુ માર્યા હતા તેમજ લાકડી વડે જમણા પગે હુમલો કર્યો હતો. ત્યારબાદ આરોપીનો દીકરો ચન્દ્રકાંતભાઈ પણ સ્થળ પર આવી પીડિત સાથે ગાળાગાળી કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યારે મારની ઘટનાથી ડરી પીડિત પોતાના રૂમમાં જતો રહ્યો હતો અને બાદમાં કારખાનામાં સારવાર લીધી હતી.

માર મારવાની ઘટના અંગે કારખાનામાં વાત કરતા કારખાનાના શેઠ જયભાઈ અને અશોકભાઈ દુકાનદાર આરોપીને સમજાવવા જતા આરોપીઓએ ફરીથી ગાળાગાળી અને ઝઘડો કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સમગ્ર મામલે મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી પિતા-પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવ-ામાં આવતા, પોલીસે ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર કાળીપાટ ચોકડી પાસે કારમાં રૂ.૩.૭૫ લાખના વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો




### ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી કાર સહિત રૂ.૭.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચોટીલાના સપ્લાયરની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂનું કટીંગ કરવાનું સ્વર્ગ સમાન સ્થળ ગણાય છે ત્યારે પોલીસે પણ આવા નિરજન વિસ્તારોમાં બાતમીદારોનું નેટવર્ક કામે લગાડી બુટલેગરો પર બાજ નજર રાખવામાં આવી રહી છે ત્યારે ડીસીપી ઝોન-૧ એલસીબીની ટીમે નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર કાળીપાટ ચોકડી પાસે વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક બુટલેગરને દબોચી લઇ રૂ.૭.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના પીએસઆઇ એમ.કે.મોવલીયાની સુચનાથી એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, હેડ કોન્સ. હિતેષભાઇ પરમાર, કોન્સ. નિખીલભાઇ, નિલેશભાઇ સહિતનો પોલીસ સ્ટાફ આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજકોટ-ભાવનગર હાઈવે પર આવેલા નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર કાળીપાટ ચોકડી પાસે હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, આજીડેમ ચોકડી પાસે આવેલા માન સરોવર સોસાયટી શેરી નં.૨માં રહેતો સંજય રમેશ કાછડીયા નામનો બુટલેગર કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી નીકળવાનો હોવાની હકિકતના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન ઉપરોકત શખ્સ મારૂતિ ઇકો કાર નં.જીજે૦૩જેઆર૩૬૫૫ માં નિકળતા પોલીસે તેને અટકાવી કારની તલાસી લેતા રોયલ સ્ટગ ૧૮૦ એમએલ ચપલા નંગ ૯૬૦ કિંમત રૂ.૨.૮૮ હજાર, રોયલ ચેલેન્જ ૧૮૦ એમએલ ચપલા નંગ ૨૪૦ કિંમત રૂ.૭૨૦૦૦, રોયલ ચેલેન્જ ફાઇન રીઝર્વ વિસ્કી ૭૫૦ એમએલની બોટલ નંગ ૧૨ કિંમત રૂ.૧૫૬૦૦ સહિતનો જથ્થો મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૭.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગર સંજય કાછડીયાની ધરપકડ કરી આકરી પુછપરછ કરતા દારૂનો જથ્થો ચોટીલાથી સપ્લાયરે મોકલાવ્યો હોવાની કબુલાત આપતા પોલીસે ચોટીલાના શખ્સની શોધખોળ આદરી છે.

# અમદાવાદમાં એસ.ટી બસ અને ફોર્ચ્યુનરકાર વચ્ચે અકસ્માતઃ ભાજપના નેતાના પુત્રનું મોત

### યુવતીને ગંભીર ઈજાઃ ઓવરટેઈક કરવા જતા સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હોવાની આશંકા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદનાં વૈષ્ણોદેવી સર્કલ પાસે રવિવારે સવારે બનેલી એક અકસ્માતની ઘટનામાં ભાજપના એક નેતાના યુવાન પુત્રનું કરુણ મોત નીપજ્યું હતું જયારે એક યુવતીને ગંભીર ઈજા થઈ હતી. ઓવરટેક કરવાની લ્હાયમાં બેકાબુ બનેલી ફોર્ચ્યુનર કાર ડિવાઈડર કૂદીને સામેથી આવતી એસટી બસ સાથે ધડાકાભેર અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. એસ.ટી બસ હિંમતનગરથી રાજકોટ જઈ રહી હતી જયારે કાર સરખેજથી ગાંધીનગર તરફ જઈ રહી હતી.




આ ઘટનાને નજરે નિહાળનારે આપેલી માહિતી અનુસાર, ગાંધીનગર તરફ જઈ રહેલી એક ફોર્ચ્યુનર કાર ( ૧૮ ૯)ના ચાલકે પૂરઝડપે વૈષ્ણોદેવી બ્રિજના છેડે આગળ જતી એક કારને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા ફોર્ચ્યુનર કાર ડિવાઈડર કૂદીને સામેના ટ્રેક પર આવી ગઈ હતી અને હિંમતનગરથી રાજકોટ જઈ રહેલી એસટી બસ સાથે જોરદાર રીતે ટકરાઈ હતી.

ફોર્ચ્યુનર બસ સાથે અથડાયા બાદ પાછળથી આવી રહેલી એક બ્રેઝા કાર પણ બસ સાથે ભટકાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે ફોર્ચ્યુનર કારના ફુરચેફુરચા ઉડી ગયા હતા અને રસ્તા પર ગાડીના ટુકડાઓ વિખેરાઈ ગયા હતા. એસટી બસના ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી બસને ડિવાઈડર પર ચઢાવી દીધી હતી, જેના કારણે બસમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો અને મોટી જાનહાની ટળી હતી. ફોર્ચ્યુનર કાર ચલાવી રહેલા ધવલ વાઘેલાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. તે ગાંધીનગર જિલ્લા ભાજપના પૂર્વ સંગઠન મહામંત્રી અને વકીલ આઈ. બી. વાઘેલાનો પુત્ર છે. જ્યારે ફોર્ચ્યુનર કારમાં સવાર દેવાંશી યોગેશ પંડ્યા (ઉ.વ.૨૧)ને ગંભીર ઈજાઓ પહોંચી છે અને હાલ તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અન્ય ઈજાગ્રસ્તોમાં અફસાનાબાનુ ખલીફા (૨૩) અને રસુલભાઈ આજમ (૩૨)ને પણ ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયા છે. એસટી બસના ડ્રાઈવરને સામાન્ય ઈજા થઈ છે.

# આટકોટ નજીક બોલેરોમાં ચોરખાનું બનાવી દારૂની હેરાફેરી કરતા ૪ શખસો ઝડપાયા






### રૂરલ એલસીબીની ટીમે ૪૨૨ બોટલ દારૂ અને કાર સાથે ૬.૬૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

**મુખ્ય સમાચાર, આટકોટ**

આટકોટ નજીક ગોંડલ ચકડી પાસેથી બોલરોમાં ચોર ખાનુ બનાવી દારૂની હેરાફેરી કરતા મધ્યપ્રદેશના ૪ શખસો ઝડપાયા છે. રૂરલ એલસીબીની ટાઈમ દારૂની ૪૨૨ બોટલ અને કાર સહિત ૬.૬૧ લાખનો મુદ્દામાલ જપ્ત આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી છે.

આ અંગેની વિગતો મુજબ,એલ.સી.બી.ની ટીમે આટકોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીં ગ હોય ત્યારે બાતમીના આધારે ગોંડલ ચોકડી પાસેથી નીકળેલી શંકાસ્પદ બોલેરો કારને અટકાવી હતી. શંકાના આધારે કારની તલાશી લેતા તેમાં ખાસ રીતે બનાવેલું 'ચોરખાનું' મળી આવ્યું હતું.

એ ખાનામાં છુપાવેલી ઇંગ્લીશ દારૂની ૧૮૦ એમ.એલ.ની કુલ ૪૨૨ સીલપેક બોટલો મળી આવી હતી. પોલીસે કારમાં સવાર આરોપી લાલાભાઈ સુરસિગ બગેલ (રહે. જવાનીયા ગામ, તા. ભાભરા), દીપુ મગનભાઈ અખાડિયા (રહે. જવાનીયા પટેલ ફળિયું, તા. ભાભરા), મુકેશ ઉર્ફે મુકામ અંતરભાઈ બામણીયા (રહે. બડી જવારી, તા. જોબટ), ઈક્રમ રઘુભાઈ અવાસીયા (રહે. ગિરદા ગામ, તા. ભાભરા) ની ધરપકડ કરી રૂપિયા ૬,૬૧,૪૦૮ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારીમાં ૩૦.૫૫ કરોડના વિકાસ કામોને મંજૂરી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારીની બેઠક કાર્યકારી અધ્યક્ષ વિરલભાઇ પનારાની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં જુદી-જુદી ૫૧ દરખાસ્તોને મંજૂરી આપવા સાથે ૩૦.૫૫ કરોડના વિકાસ કામોને મંજૂરી અપાઇ હતી. આ કામોમાં બાંધકામ શાખાના રૂ.૨૩.૧૦ કરોડના, સિચાઇ શાખાના ૬.૪૮ કરોડના, પશુપાલન શાખાના ૩.૧૦ લાખના, આરોગ્ય શાખાના કામોને પણ મંજૂરી અપાઇ હતી. આજની બેઠકમાં ડીડીઓ સહિતના કારોબારીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આજે કારોબારી અધ્યક્ષ પ્રવિણભાઇ કયાડાની તબીયત નાદુરસ્ત હોય. કારોબારીની અધ્યક્ષસ્થાન વિરલભાઇ પનારાએ સંભાળ્યું હતું.

# બેંકના એટીએમ બુથ પર કાર્ડ બદલી વયવૃધ્ધ લોકોને શીકાર બનાવતો ઠગ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં અલગ-અલગ બેંકના એટીએમ બુથ પર પૈસા ઉપાડવા જતા વયવૃધ્ધ લોકોને શીકાર બનાવી એટીએમ કાર્ડ બદલી નાખી પૈસા ઉપાડી છેતરપીંડી કરતા ઠગ શખ્સને દબોચી લેવામાં ડીસીપી ઝોન-૧ એલસીબીની ટીમને સફળતા મળી છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના પીએસઆઇ એમ.કે.મોવલીયા, એએસઆઇ હરેશભાઇ પરમાર, મનરૂપગીરી, હેડ કોન્સ. હિતેન્દ્રસિંહ, જગદીશસિંહ, હિતેષભાઇ પરમાર અને રવિરાજભાઇ સહિતનો સ્ટાફ મોરબી રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે સીતારામ સોસાયટી રાજલક્ષ્મી સોસાયટીની સામે રેલ્વેના પાટા પાસે આવેલ શ્રી રામ પ્લાસ્ટીક નજીકથી દિપકસિંધ સતંષસિંધ સેગર (રહે. મોરબી રોડ, સેટેલાઇટ ચોક, રેડ રોઝ હોટલ પાછળ, વેલનાથ સોસાયટી, શેરી નં.૧, મુળ વતન યુપી)ને અટકાયતમાં લઇ તલાસી લેતા તેની પાસેથી અલગ-અલગ બેંકના ૧૪ એટીએમ કાર્ડ તથા રોકડા રૂ.૨૪૦૦૦ મળી આવતા પોલીસે આ શખ્સની આકરી પુછપરછ કરતા કબુલાત આપી હતી કે, શહેરના અલગ-અલગ બેંકના એટીએમ બુથ પર વયવૃધ્ધ લોકો પૈસા ઉપાડવા આવતા હોય ત્યારે તેઓને મદદ કરવાના બહાને એટીએમ કાર્ડ બદલી નાખ્યા બાદ અન્ય એટીએમમાંથી રૂપિયા ઉપાડી લઇ છેતરપીંડી



આચરતો હોવાની કબુલાત આપતા પોલીસે આ શખ્સની ધરપકડ કરી બી-ડિવિઝન વિસ્તારમાં થયેલી છેતરપીંડીના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

### દીવ પોલીસે શખ્સોને પકડી પાડ્યા

# રાજકોટમાં ગુનો કરી દીવ આવેલા ચાર શખ્સોને પોલીસે ઝડપી પાડયા





### રાજકોટમાં પોલીસ સ્ટેશન પર સોડા બોટલના ઘા કરી ચારેય શખ્સો દીવ ભાગ્યા હતાં

**મુખ્ય સમાચાર, દીવ**

રાજકોટ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશને ચાર શખ્સો રાત્રીના સમયે સોડાબોટલના ઘા કરી અને જાહેર સંપતિને નુકશાન કરી ફરાર થયા હતાં જે દીવ પોલીસ વિભાગને માહિતી મળતા દીવ એસ.પી. રામકૃષ્ણ શરણના માર્ગદર્શનમાં આ ચારેય શખ્સોની શોધખોળ કરી અને અટકાયત કરવાની જવાબદારી સ્પે. સ્ટાફ ટીમના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્ર પંડ્યા અને કેતન રાઠોડને સોંપી હતી સ્પે. સ્ટાફ ટીમના પોલીસ કર્મીઓએ દીવ હોટેલ આલીશાન સામે પાર્કિંગમાંથી ચારેય શખ્સો અને ફોર વ્હીલર ગાડીનો કબ્જો લઈ પોલીસ સ્ટેશને લાવી અને અટકાયત કર્યા બાદ રાજકોટ પોલીસને જાણ કરી હતી. અને ચારેય શખ્સો રાજકોટ પોલીસને સોંપ્યા હતાં. પોલીસ વિભાગના સ્પેશિયલ સ્ટાફ ટીમની બેસ્ટ કામગીરીની એસપીએ પ્રશંસા કરી હતી. પકડાયેલા આરોપીમાં જય પ્રભાતભાઈ ખંભાર, જેનિસ હર્ષદભાઈ માંડલિયા, અજયભાઈ બિપિન મહેતા, વિશાલ રાજુભાઈ ગોહિલ, રહે. રાજકોટનો સમાવેશ થાય છે.

# રાજકોટ-ગોંડલ હાઈવે એસ.ટી.બસમાં ટિકિટનું રિફંડ માંગી મહિલા કંડકટર ઉપર હુમલો

### ફડાકા ઝીંકી દેનાર મહિલા સહિત બે શખ્સો વિરુદ્ધ ફરજ રૂકાવટનો નોંધાતો ગુનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-ગોંડલ હાઈવે પર શિવ હોટલ પાસે એસ.ટી. બસમાં ફરજ બજાવી રહેલા એક મહિલા કંડક્ટર સાથે ટિકિટના રિફંડ મુદ્દે માથાકૂટ કરી મહિલાએ ફડાકા ઝીંકી દેતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોચ્યો હતો. આ ઘટનામાં આજીડેમ પોલીસે મહિલા અને પુરુષ સામે ફરજ રૂકાવટનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગતો મુજબ, મૂળ પોરબંદરના રાતિયાગામના રહેવાસી અને છેલ્લા અઢી વર્ષથી એસ.ટીમાં કંડક્ટર તરીકે સેવા આપતા હેતલબેન અરજણભાઈ રાઠોડ (ઉ.વ. ૨૬) એ આજીડેમ પોલીસ મથકમાં આરોપી તરીકે રાજકોટ કૈલાશ પાર્કમાં રહેતા



સાગરદાન પાંચલિયા અને ભગવતીબેન લીલા સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તારીખ ૧૭/૦૧/૨૦૨૬ ના રોજ સાંજે તેઓ રાજકોટ ડેપોથી પોરબંદર જતી બસમાં ફરજ પર હતા.બસ જ્યારે સાતેક વાગ્યે રાજકોટથી નીકળી ગોંડલ ચોકડીથી આગળ શિવ હોટલ પાસે પહોંચી ત્યારે બસમાં સવાર આરોપી સાગરદાનએ 'ઇમરજન્સી છે' તેમ કહી બસ ઉભી રખાવી હતી. ઉતરતી વખતે તેણે ટિકિટના રિફંડની માંગણી કરી હતી.

જોકે, કંડક્ટરે નિયમ મુજબ રિફંડ આપવાની ના પાડતા પેસેન્જર ઉશ્કેરાઈ ગયો હતો અને ''બસ તમારા બાપુજીની છે?'' તેમ કહી અભદ્ર વર્તન શરૂ કર્યુ હતું. આ બોલાચાલી દરમિયાન આરોપી સાથે રહેલી ભગવતીબેને પણ ઝઘડો શરૂ કર્યો હતો. મામલો એટલો બિચક્યો હતો કે મહિલા આરોપીએ ઉશ્કેરાઈ જઈ મહિલા કંડક્ટરને બે-ત્રણ ફડાકા ઝીંકી દીધા હતા. આ જોઈ ડ્રાઈવર રામભાઈએ બસ સાઈડમાં ઉભી રાખી દીધી હતી. દરમિયાન બસમાં સવાર અન્ય પેસેન્જરે ૧૧૨ પર કોલ કરતા પોલીસ વેન તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. બંને આરોપીઓને પોલીસ મથકે લઈ જઈ તેમના વિરૂધ્ધ ફરજ રૂકાવટનો ગુનો દાખલ કર્યો હતો.

# રાજકોટની ૨૮ સોસાયટીઓમાં અશાંત ધારાની મુદ્દત ૫ વર્ષ વધીઃ ધારાસભ્યની રજુઆત ફળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ૨૮ સોસાયટીમાં અશાંતધારાની મુદ્દત ૧૩ જાન્યુઆરીના રોજ પૂર્ણ થતી હતી, ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ મુદ્દત વધારી ૧૬ જાન્યુઆરી, ૨૦૩૧ કરવામાં આવી હોવાનું પશ્ચિમ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ દ્વારા જાહેર કરાયુ છે. આ મુદ્દત પૂર્ણ થતા જર્મીન-મકાનના દસ્તાવેજોની નોંધણી અટકાવી દેવામાં આવી હતી. જોકે, હવે અહીં વધુ ૫ વર્ષ માટે અશાંતધારો લાગૂ કરી દેવામાં આવ્યો છે, જેથી અહીં મિલકત ખરીદનાર અને વેચનારની સાથે કલેકટરની મંજૂરી વિના જમીન-મકાનની લે-વેંચ નહીં થઈ શકે.



ધારાસભ્ય ડો. શાહે જણાવ્યુ હતુ કે, રાજકોટમાં વોર્ડ નં.રી છોટુનગર કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી, નિરંજની સોસાયટી,સ્વસ્તિક સોસાયટી, આરાધનપા સોસાયટી, દિવ્ય સિધ્ધ સોસાયટી, પ્રગતિ સોસાયટી, જીવનપ્રભા, અંજલી સોસાયટી, કૃષ્ણકું જ સોસાયટી, સૌરભ સોસાયટી, રેસકોર્સ પાર્ક, વસુંધરા સોસાયટી, અવંતિકા પાર્ક, જનતા જનાર્દન સોસાયટી, બજરંગવાડી વિસ્તાર, સુભાષનગર, ચુડાસમા પ્લોટ, રાજનગર, અલ્કાપુરી સોસાયટી, યોગેશ્વર સોસાયટી, ઈન્કમટેક્ષ સોસાયટી, બેંક ઓફ બરોડા સોસાયટી સહિતના ૨૮ સોસાયટી વિસ્તારોમાં સામાજીક સંતુલન જળવાય રહે અને મિલ્કતોના ખરીદ-વેચાણમાં ગેરરીતિ અટકાવવાના ઉદ્દેશ સાથે અશાંતધારો લાગુ કરવામાં આવ્યો હતો. જેની મુદ્દત ગત ૧૩ જાન્યુઆરીના વિધિવત રીતે પૂર્ણ થઈ ગઈ હતી. જે માટે છેલ્લા ૬ માસથી થઈ રહેલી રજૂઆત બાદ ૧૭ જાન્યુઆરીએ ગૃહ વિભાગ દ્વારા આ ૨૮ સોસાયટીની અશાંતધારા મુદ્દત ૧૬ જાન્યુઆરી, ૨૦૩૧ સુધી લંબાવવાનું નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે.

ન્યુ રાજકોટની સોસાયટીઓમાં લાગુ કરાયેલા અશાંતધારાની મુદત ગત ૧૩ જાન્યુઆરીના પૂર્ણ થતાં આ સોસાયટી વિસ્તારના જમીન-મકાનના દસ્તાવેજોની નોંધણી પર તાબડતોબ બ્રેક મારી દેવામાં આવી હતી. કલેક્ટર તંત્ર દ્વારા અશાંતધારા હેઠળ આવરી લેવાયેલા ૨૮ સોસાયટીના જમીન-મકાનના દસ્તાવેજોની નોંધણી હાલ તૂરંત નહીં કરવા માટે સબ રજીસ્ટ્રારને પણ તાકિદ કરી દેવામાં આવી હતી. જોકે હવે ધારાસભ્યે જણાવ્યા મૂજબ અશાંતધારાની મુદ્દત વધારવાને રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે.

# ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પર સોડાની બોટલોના ઘા કરનાર આરોપીઓને કાયદાનું ભાન કરાવ્યું

### રિ-કન્સ્ટ્રક્શન દરમિયાન આરોપીઓએ પોલીસ અમારા બાપ છે તેમ કહી જાહેરમાં માફી માંગી

**મુખ્ય સમાચાર, રાજકોટ**





ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પર ૧૬ જાન્યુઆરીની રાત્રે સોડાની બોટલો ફેંકીને પોલીસને પડકાર ફેંકનાર આરોપીઓને દીવ ક્રાઈમ બ્રાન્ચની મદદથી ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે આરોપીઓને દોરડાથી બાંધીને એસ.કે. ચોક પાસેની માર્કેટમાં રિ-કન્સ્ટ્રક્શન કર્યું હતું. આ દરમિયાન આરોપીઓ લંગડાતા પગે ચાલતા અને જાહેરમાં બે હાથ જોડી માફી માગતા નજરે પડયા હતા. પોલીસે તેમને 'કૂકડા' બનાવીને ચલાવ્યા હતા. આ ઘટનાએ શહેરમાં પોલીસની કડક કાર્યવાહી અને જાહેર સુરક્ષા પર ચર્ચા શરૂ કરી દીધી છે. શહેરના ગાંધીગ્રામ પોલીસ મથક પર ૧૬ જાન્યુઆરીના રાત્રે ૧૦૩૦ વાગ્યે અજાણ્યા શખસો દ્વારા સોડાની બોટલના ઘા કરી પોલીસને પડકાર ફેંકવામાં આવ્યો હતો. જેનાથી પોલીસની આબરૂના લીરેલીરા ઉડી ગયા હતા. જોકે, આ ઘટના બાદ તુરંત જ ગાંધીગ્રામ પોલીસે સીસીટીવીના આધારે કુખ્યાત બુટલેગર હર્ષદ માંડલીયા ઉર્ફે મહાજનના પુત્ર જેનીશ માંડલિયા અને તેની સાથેના ચાર સાગરીતો દ્વારા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પર હુમલો કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું.

આ મામલે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધ્યો હતો. આ ઘટના બાદ માહિતી મળતાં દીવ પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ દીવ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસ હાથ ધરી આલીશાન હોટલ સામેના પાર્કિંગ વિસ્તારમાં મહિન્દ્રા થાર સાથે ચાર શકમંદોને શોધી કાઢ્યા હતા. તેમને અટકાયત કરી દીવ પોલીસ સ્ટેશન ખાતે પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસે તુરંત જ આરોપીઓને ઝડપી પાડયા હતા અને આજે રવિવારે સાંજે તેમનું એસ.કે. ચોક પાસે દોરડા બાંધી રિ-કન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું. આ દરમિયાન મહિલા પોલીસ આરોપીઓને દોરડા સાથે બાંધી ચાલતી દેખાઈ હતી. જે દરમિયાન આરોપીઓને પોલીસે ખૂબ જ માર્યા હોય તેમ તેઓ લંગડાતા પગે ચાલતા હતા. જે બાદ આરોપીઓને કૂકડા બનાવી રસ્તા પર ચલાવ્યા હતા.

# કટારિયા ચોકડી પાસે પ્રેમીના લગ્નના એક દિ' પહેલાં જ પ્રેમિકાનો પાંચમા માળેથી ઝંપલાવી આપઘાત

### સવારે ફોન પર વાત કરતા પ્રેમીએ 'મારો પરિવાર નહીં માને' તેવું કહેતાં જ અંતિમ પગલું ભરી લીધુંઃ પોતાની જ કંપનીમાં સીનિયર કર્મચારી સાથે યુવતી પ્રેમના તાંતણે બંધાઈ હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ પર કટારિયા ચોકડી પાસે ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતી અને ન્યારી ડેમ નજીક સોલાર કંપનીમાં નોકરી કરતી ૩૦ વર્ષીય યુવતીએ પ્રેમીના લગ્નના એક દિવસ જ પહેલાં જ પાંચમા માળેથી ઝંપલાવી આપવાત કરી લેતાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.

આ અંગે વધુમાં જાણવા મળેલી વિગત પ્રમાણે પલક નિલેશભાઈ ઝાલા કે જે બે બહેનમાં મોટી છે તે જે સોલાર કંપનીમાં નોકરી કરતી હતી ત્યાં જ હિરેન રાણપરિયા નામનો યુવક તેના સીનિયર તરીકે નોકરી કરતો હતો. આ પછી બન્ને વચ્ચે આંખ મળી જતાં સંબંધ પ્રેમમાં પરિણમ્યો હતો. બન્ને વચ્ચે નિયમિત વાતચીત થતી હોવાથી એકબીજા ઉપર ગળાડૂબ વિશ્વાસ પણ ભેસી ગયો હતો. પલકે તેના માતાને પણ હિરેન સાથે પ્રેમ હોવાની વાત કહી લગ્ન માટે કહેતા માતાએ પણ પરવાનગી આપી હતી. જો કે હિરેને પલકને અંધારામાં જ રાખી હોય તે પ્રકારે અન્ય સ્થળે લગ્નની વાત ચાલી રહ્યાનું છુપાવ્યું હતું.

સોમવારે હિરેનના લગ્નનો માંડવો હતો આમ છતાં તેણે પલક સાથે સંબંધ તોડયો ન્હોતો. પલકે રવિવારે પણ હિરેન સાથે વાત કરી લગ્ન અંગેનું કહેતાં હિરેને 'મારો પરિવાર નહીં માને' તેવો જવાબ આપતાં જ પલકને લાગી આવ્યું હતું અને તે બપોરે ૨:૩૦ વાગ્યે પોતાના માતાને તડકો ખાવા જાવ છું કહીને અગાશી પર પહોંચી ગઈ હતી, ત્યારબાદ અંદાજે ૨૦ જ મિનિટમાં જમીન પર ધડામ કરતું કંઈક પડયું હોવાનો અવાજ આવતા જ બધા એકઠા થઈ ગયા હતા અને જોયું તો પલકે જ ઝંપલાવ્યું હતું. પલકને પાપલ અવસ્થામાં હોસ્પિટલે ખસેડાઈ હતી જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવી હતી.

જ્યારે આપવાતનો અન્ય એક બનાવ રવિવારે બપોરે ૨:૩૦ વાગ્યા આસપાસ બન્યો હતો. બાલાજી હોલ સીજીસ હોસ્પિટલની બાજુની શેરીમાં ન્યુ લક્ષ્મી સોસાયટીમાં રહેતા અને લેબ ટેકનીશન તરીકે નોકરી કરતા ભાવેશ નાગજીભાઈ સંઘાણી (ઉ.વ.૪૦) નામના યુવકે ગળાફાંસો ખાઈ લેતાં મોત નિપજ્યું હતું. ભાવેશના પત્ની સરકારી શાળામાં શિક્ષક છે અને તેના લગ્નને પાંચ વર્ષ જેવો સમયગાળો થઈ ગયો છે. સંતાનમાં તેને બે પુત્ર હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.